વર્ષ ૧૯
જુલાઈ-૨૦૨૨
ઝિલ્હજ્જ-મુહર્રમ ૧૪૪૩
અંક ૦૫

આપ (સલ.)ની પવિત્ર પત્નીઓ : વિશેષાંક

પયગામે રહમત

માસિક

હે મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ! અમોએ આપને તમામ જગતો માટે રહમત બનાવી મોકલ્યા છે. - (કુર્આન શરીફ)

સમરકંદનો મદ્રસો

તંત્રી :
મવ. ઈકબાલ મુહમ્મદ ટંકારવી
દારૂલ ઉલુમ ઈસ્લામિય્યહ અરબિય્યહ માટલીવાલા – ઈદગાહ રોડ, ભરૂચ.

પયગામે રહમત (માસિક)

દર અંગ્રેજી મહિનાની પહેલી તારીખે પ્રગટ થશે, ઈન્શાઅલ્લાહ

સરપરસ્ત

શૈખે તરીકત હઝરત મવલાના કમરૂઝઝમા સા. (દા.બ.)

પ્રકાશક

પટેલ અહમદ મુહમ્મદ વલી બક્ષ સાહબ

તંત્રી/નિગરાને ખુસુસી

હઝરત મવલાના
ઈકબાલ મુહમ્મદ ટંકારવી
સાહબ (દા.બ.)

સંપાદક સહાયક

મવ. અબરાર રફઅત સુરતી સા.
મવ. યાસીન કરમાડી સા.
મવ. અબ્દુર્રશીદ મનુબરી સા.

અનુક્રમણિકા

૧. રહમતે આલમ (સલ.)ની એકથી વધુ પવિત્ર પત્નીઓ સામાજિક, આર્થિક, રાજકીય અને ધાર્મિક કારણો ૦૩

૨. આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની પવિત્ર પત્નીઓનો ટૂંકો પરિચય ૧૮

૩. હઝ. આયશા (રદી.) સાથે નાની ઉંમરે શાદી ઈતિહાસ, સમાજ, વિજ્ઞાન અને અન્ય ધાર્મિક પુસ્તકોના આધારે ૨૭

૪. આપ (સલ.) ઉપર આક્ષેપ કરનારા પોતાના ઘરની ચિંતા કરે ૪૧

૫. બહુપત્નીત્વ : વિજ્ઞાન તથા સમાજશાસ્ત્રની રોશનીમાં .. ૪૯

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા.૧૦૦/- ● વિદેશમાં રૂા.૧૦૦૦/-

તંત્રી સ્થાનેથી....

રહમતે આલમ (સલ.)ની એકથી વધુ પવિત્ર પત્નીઓ

સામાજિક, આર્થિક, રાજકીય અને ધાર્મિક કારણો

એક પુરૂષ માટે અનેક સ્ત્રીઓ રાખવી (બહુપત્નીત્વ પ્રથા) ઈસ્લામ પહેલાં લગભગ દુનિયાના બધા જ ધર્મોમાં જાઈઝ (માન્ય અને સ્વીકૃત) સમજવામાં આવતું હતું. અરબસ્તાન, હિન્દુસ્તાન, ઈરાન, ઈજિપ્ત, બેબિલોન વગેરે દેશોમાં દરેક કૌમોમાં બહુપત્નીત્વ પ્રથા પ્રચલિત હતી અને તેની પ્રાકૃતિક જરૂરિયાતનો આજે પણ કોઈ ઈન્કાર કરી શકે એમ નથી. વર્તમાન સમયમાં યુરોપે પોતાના ભૂતપૂર્વ વડવાઓથી વિપરીત બહુપત્નીત્વ પ્રથાને નાજાઈઝ (નિષિદ્ધ) કરવાનો પ્રયત્ન કર્યો, તો તેના પરિણામે નિકાહ કરવાની પ્રથાનો જ મૂળેથી છેદ ઉડી જતો હોય એવી પરિસ્થિતિઓ નિર્માણ થવા લાગી. અંતે સ્વાભાવિક અને પ્રાકૃતિક કાયદો છવાય ગયો અને હવે ત્યાં પણ કેટલાક દૂરંદેશ શાસનકર્તાઓ પોતે બહુપત્નીત્વ પ્રથાના હિમાયતી છે. મિસ્ટર ડ્યૂન પોર્ટ જે એક પ્રખ્યાત ઈસાઈ ધર્મગુરૂ હતા, બહુપત્નીત્વ પ્રથાના સમર્થનમાં ઈન્જીલની ઘણી બધી આયતો નકલ કરીને લખે છે : "આ આયતોથી નિચોડ નીકળે છે કે, બહુપત્નીત્વ પ્રથા ફક્ત પસંદ જ કરવામાં નથી આવી, બલ્કે ખુદાએ તેમાં ખાસ બરકતો રાખી છે." *(લાઈફ જોન ડ્યૂન પોર્ટ : પેજ-૧૫૮)*

આ જ પ્રમાણે પાદરી નિક્સન, મિલ્સન અને ટેલરે ખૂબ ભારપૂર્વક તેના સમર્થનમાં અવાજ ઉઠાવ્યો છે. એ જ પ્રમાણે વૈદક શિક્ષણ પત્નીઓની અચોક્કસ સંખ્યાને માન્ય રાખે છે અને તેમના શાસ્ત્રોમાં ૧૦-૧૦, ૧૩-૧૩, ૨૭-૨૭ પત્નીઓ એકીસાથે ભેગી રાખવાની પરવાનગી જોવા મળે છે.

શ્રી કૃષ્ણ કે જેમને હિન્દુઓ સન્માનપાત્ર અવતાર સમજે છે, તેમને સેંકડો પત્નીઓ હતી. જેઓ ધર્મ અને કાયદાની માન-મર્યાદા તથા મનુષ્યના ચારિત્ર્યને ટકાવી રાખવા માંગતા હોય તથા વ્યભિચારને જગતમાંથી નેસ્ત

નાબૂદ કરવા ઈચ્છતા હોય તેમના માટે એના સિવાય કોઈ છૂટકો જ નથી કે તેઓ બહુપત્નીત્વ પ્રથાની પરવાનગી આપે. આ પ્રથાથી વ્યભિચારનો ખાત્મો થશે, પરંતુ જો બહુપત્નીત્વની પરવાનગી આપવામાં નહીં આવે તો ધંધાદારી સ્ત્રીઓ અને વેશ્યાવૃત્તિનો સમાજમાં ફેલાવો થશે. જેના કારણે જે કૌમોમાં બહુપત્નીત્વની પરવાનગી નથી, તેમનામાં વ્યભિચારનું પ્રમાણ ખૂબ મોટું છે. યુરોપીય કૌમોને જ જોઈ લો, તેમનામાં બહુપત્નીત્વ ઉપર તો પાબંદી છે, પરંતુ મૈત્રી કરાર દ્વારા જેટલી સ્ત્રીઓ સાથે પુરૂષ ઈચ્છે વ્યભિચાર કરી શકે છે, તેની સંપૂર્ણ પરવાનગી છે ! આ રીતે તેમણે લગ્ન જીવનને એક તમાશો બનાવી દીધો છે. એક બાજુ બહુપત્નીત્વની પ્રથાને નાજાઈઝ (અવૈધ) કહેવું અને બીજી બાજુ મૈત્રી કરાર દ્વારા અનેક સ્ત્રીઓ સાથે વ્યભિચારમાં રચ્યા-પચ્યા રહેવું, આ નાટકબાજી સમજમાં આવે એવી નથી.

મતલબ કે, ઈસ્લામ અગાઉ બહુપત્નીત્વ પ્રથા કોઈ પણ પ્રકારની મર્યાદા વિના પ્રચલિત હતી. દેશો અને ધર્મોના ઈતિહાસથી જ્યાં સુધી જાણ થાય છે, કોઈ ધર્મએ અને કોઈ કાનૂને તેના ઉપર પાબંદી લગાવી ન હતી, ન તો યહૂદીઓએ અને ન ખ્રિસ્તીઓએ, ન તો હિન્દુઓએ કે ન પારસીઓએ, બલ્કે બધા જ બહુપત્નીત્વ પ્રથામાં માનતા હતા.

ઈસ્લામના શરૂઆતના સમયમાં પણ આ બહુપત્નીત્વ પ્રથા કોઈ પણ પ્રકારની મર્યાદા વિના ચાલુ રહી, પરંતુ આ અસંખ્ય સ્ત્રીઓ સાથે લગ્ન કરવાની પ્રથાનું પરિણામ એ આવતું હતું કે, લોકો શરૂઆતમાં તો લાલચમાં ઘણા બધા નિકાહ કરી લેતા હતા, પરંતુ પછી તેમના હકો અદા કરી શકતા ન હતા અને આ સ્ત્રીઓ તેમના નિકાહમાં એક કૈદી સ્વરૂપે ઝિંદગી પસાર કરતી હતી.

પછી જે સ્ત્રીઓ એક પુરૂષના નિકાહમાં હોતી તેમનામાં ઈન્સાફ અને ન્યાય કે સમાનતાનું કોઈ નામોનિશાન ન હતું, જેની સાથે મનમેળ હોય તેને વધારે પ્રમાણમાં નવાઝવામાં આવતી અને જેની સાથે મનમેળ ન હોય તેના અધિકારોની કોઈ ચિંતા કરવામાં આવતી ન હતી.

ઈસ્લામે બહુપત્નીત્વ પ્રથા ઉપર જરૂરી મર્યાદા બાંધી તથા ન્યાય અને સમાનતાનો કાયદો લાગુ કર્યો :

કુર્‌આને સમાજમાં આ મહાન અત્યાચારને રોકવા માટે બહુપત્નીત્વ પ્રથા ઉપર એક મર્યાદા લગાવી કે, ચારથી વધારે સ્ત્રીઓને એક સાથે પત્ની તરીકે રાખવી હરામ છે અને જે સ્ત્રીઓ એક સમયમાં નિકાહમાં છે, તેમની સાથે સમાનતાનો વર્તાવ ખૂબ જ સ્પષ્ટ હુકમ દ્વારા કરવાનો આદેશ આપ્યો તથા તે આદેશનો ભંગ કરવા બદલ સખત ચેતવણી સંભળાવી.

એક બાજુ તો એ બાબતની પરવાનગી આપવામાં આવી કે એકથી વધારે ત્રણ કે ચાર પત્નીઓ એક સમયે નિકાહમાં રાખી શકાય છે. બીજી બાજુ ચારના આંકડા પછી એવી પાબંદી લગાવી દીધી કે ચારથી વધારે પત્નીઓ એક સમયે નિકાહમાં ભેગી રાખી શકાશે નહીં.

રસૂલે કરીમ (સલ.)ના વર્ણનથી કુર્‌આનની આ ખાસ પાબંદી અને મર્યાદાનું વધારે સ્પષ્ટીકરણ થઈ ગયું. આ આયત નાઝિલ થયા પછી એક વ્યક્તિ ગીલાન ઈબ્ને અસ્લમા ષક્ફી મુસલમાન થયા, તેમના નિકાહમાં તે સમયે ૧૦ પત્નીઓ હતી અને તે પણ મુસલમાન થઈ ગઈ હતી. રસૂલે કરીમ (સલ.)એ કુર્‌આનના હુકમ પ્રમાણે તેમને હુકમ આપ્યો કે, આ દશમાંથી ચારને નક્કી કરી લો, બાકીની પત્નીઓને તલાક આપી સ્વતંત્ર કરી આપો. ગીલાન ઈબ્ને અસ્લામા ષક્ફીએ આદેશ પ્રમાણે ચાર પત્નીઓ રાખીને બાકીની પત્નીઓને તલાક આપી દીધી.

(મિશ્કાત શરીફ : પેજ-૨૭૪, તિરમિઝી અને ઈબ્ને માજહના હવાલાથી)

મુસ્નદે અહમદમાં આ જ રિવાયતના સંદર્ભમાં એક ઘટનાનું વર્ણન થયું છે. તે ઘટનાનું વર્ણન કરવું પણ ફાયદાથી ખાલી નથી, તેનો સબંધ પણ સ્ત્રીઓના અધિકારો વિશે છે અને તે એ છે કે, ગીલાન બિન અસ્લમાએ શરીઅતના હુકમ પ્રમાણે ચાર સ્ત્રીઓ રાખી લીધી હતી, પરંતુ ફારૂકે આઝમ (રદી.)ના ખિલાફતકાળમાં તેમણે તેમને પણ તલાક આપી દીધી અને પોતાનો

સઘળો માલસામાન પોતાના પુત્રોમાં વહેંચી દીધો. ફારૂકે આઝમ (રદી.)ને આ બાબતની જાણ થઈ તો તેમણે તેમને બોલાવીને ફરમાવ્યું કે, "તમે તમારી પત્નીઓને તમારા વારસાથી વંચિત રાખવા માટે આવી હરકત કરી છે, જે ઉઘાડો અત્યાચાર છે. એટલા માટે તરત તેમની તલાકથી રજૂઅત કરી લો અને પોતાનો માલ તમારા પુત્રો પાસેથી પરત લઈ લો અને જો તમે એવું ન કર્યું તો યાદ રાખો ! તમને સખત શિક્ષા કરવામાં આવશે."

કૈસ બિન હારિષ અસદી (રદી.) ફરમાવે છે કે, "હું જ્યારે મુસલમાન થયો તો મારા નિકાહમાં ૮ પત્નીઓ હતી. મેં રસૂલે કરીમ (સલ.)ને આ બાબતે જાણ કરી તો તેમણે ફરમાવ્યું કે, તેમાંથી ૪ રાખી લો, બાકીની પત્નીઓને તલાક આપી દો." *(અબૂ દાવૂદ : પેજ-૩૦૪)*

મુસ્નદે ઈમામ શાફઈ (રહ.)માં નવફલ બિન મુઆવીયા દયલમી (રદી.)ની ઘટના વર્ણન થઈ છે કે, તેઓ જ્યારે મુસલમાન થયા તો તેમના નિકાહમાં પાંચ પત્નીઓ હતી. રસૂલે કરીમ (સલ.)એ તેમને પણ એક પત્નીને તલાક આપવાનો હુકમ કર્યો. આ ઘટના મિશ્કાત શરીફ પેજ નંબર ૨૮૪ ઉપર શરહુસ્સુન્નહના હવાલાથી નકલ કરેલ છે. રસૂલે કરીમ (સલ.) અને સહાબએ કિરામ (રદી.)ની આ નીતિરીતીથી કુર્આનની આયતનો ભાવાર્થ બિલ્કુલ સ્પષ્ટ થઈ ગયો કે, ચારથી વધારે પત્નીઓ એક સમયે નિકાહમાં રાખવી હરામ છે.

તાત્પર્ય એ છે કે, જો કે કુર્આન મજીદમાં ચાર સ્ત્રીઓને નિકાહમાં રાખવાની પરવાનગી આપવામાં આવી છે, પરંતુ તેની શરતો અને મર્યાદામાં રહીને નિકાહ કરવામાં આવશે તો જ તે સહીહ અને જાઈઝ છે. પરંતુ એકથી વધારે પત્નીઓ હોવાના સ્વરૂપમાં તેમની સાથે ન્યાય અને સમાનતાનો વ્યવહાર રાખવો વાજિબ છે અને તેનાથી વિરૂદ્ધ પ્રવૃત્તિ કરવી મોટો ગુનોહ છે. એટલા માટે જો કોઈ એકથી વધારે પત્નીઓ સાથે નિકાહ કરવાનો ઈરાદો કરે તો પ્રથમ પોતાની પરિસ્થિતિનું સંપૂર્ણ નિરીક્ષણ કરી લે કે, સૌના હક અને અધિકારો ન્યાયપણે પૂરા કરવાની પોતાનામાં શક્તિ છે કે

કેમ ? જો એવી સંભાવના દેખાવા લાગે કે ન્યાય અને સમાનતાથી નહીં વર્તી શકે તો એકથી વધારે નિકાહ કરવાનો ઈરાદો કરવો ન જોઈએ, જે તમને એક મોટા ગુનાહમાં સપડાવી શકે છે. તેનાથી અળગા રહેવું જોઈએ અને આવી પરિસ્થિતિમાં ફક્ત એક જ પત્ની સુધી મર્યાદિત રહેવું જોઈએ.

ખુલાસો એ છે કે, જો કોઈએ એકી સાથે ચારથી વધુ સ્ત્રીઓ સાથે ઈજાબ અને કુબૂલ (સ્ત્રી-પુરૂષની પરસ્પર નિકાહ માટેની ગવાહો સામે શરઈ રૂએ મહર આપી જાહેર કરવામાં આવતી સહમતી) કરી લીધું, તો તે નિકાહ મૂળેથી બાતિલ છે. કારણ કે ચારથી વધુ સ્ત્રીઓ સાથે નિકાહ કરવાનો કોઈને અધિકાર નથી અને ચારની મર્યાદામાં રહીને પણ જે નિકાહ કરવામાં આવે છે, તો નિકાહ તો થઈ જશે, પરંતુ પત્નીઓ સાથે ન્યાય અને સમાનતા રાખવી ઘણી જ જરૂરી છે. નહીંતર આવું ન કરનાર ગુનેહગાર થશે અને જો કોઈએ પત્નીના અધિકારો (હકો)ને બરબાદ કર્યા તો શરઈ ન્યાયાધીશની અદાલતમાં દાવો કરીને તેણી પોતાનો અધિકાર પ્રાપ્ત કરી શકે છે.

રસૂલે કરીમ (સલ.)એ બધી પત્નીઓ વચ્ચે સંપૂર્ણ સમાનતા અને ન્યાયની સખત તાકીદ કરી છે અને તેનો વિરોધ કરવાની સખત ચેતવણી આપી છે તથા પોતે પણ તેના ઉપર અમલ કરીને તેની સ્પષ્ટતા કરી દીધી છે, બલ્કે રસૂલે કરીમ (સલ.)એ એવી બાબતોમાં પણ સમાનતાનું ઉદાહરણ પુરૂં પાડ્યું છે, જે બાબતે સમાનતા રાખવી જરૂરી નથી.

એક હદીષમાં રસૂલે કરીમ (સલ.)એ ઈર્શાદ ફરમાવ્યો કે, "જે વ્યક્તિના નિકાહમાં બે પત્નીઓ હોય અને તે તેના અધિકારોમાં સમાનતા અને ન્યાય ન કરી શકે, તો તે કયામતમાં એવી જ રીતે ઉઠાવવામાં આવશે કે તેનું એક પડખું નમેલું હશે." *(મિશ્કાત : પેજ-૨૭૮)*

રહમતુલ્લિલ્ આલમીન (સલ.) માટે બહુપત્નીત્વ :

રસૂલે કરીમ (સલ.)ની પવિત્ર જાત નખશીખ રહમત અને બરકત છે.

અલ્લાહપાકના હુકમોનો પ્રચાર તથા અંતર (આત્મા)ની શુદ્ધિ તથા કુર્‌આને કરીમના શિક્ષણનો પ્રચાર-પ્રસાર તેમની બઅષતનો સૌથી મોટો હેતુ હતો. તેમણે ઈસ્લામના શિક્ષણને મૌખિક તેમજ વ્યવહારમાં દુનિયામાં પ્રસારી દીધું. એટલે કે રસૂલે કરીમ (સલ.) અલ્લાહપાકના હુકમો બતાવતા પણ હતા અને તેના ઉપર અમલ પણ કરતા હતા. પછી જ્યારે કે મનુષ્યના જીવનનું કોઈ એક પણ ક્ષેત્ર એવું નથી, જેમાં નબીએ કરીમ (સલ.)નું માર્ગદર્શન જરૂરી ન હોય. જમાઅતની નમાઝથી લઈ પત્નીઓ સાથેના સબંધો, સંતાનોની કેળવણી, પેશાબ-પાખાના માટે જવાની રીત, સ્વચ્છતા અને પાકીના મસ્‌અલાઓ વગેરે વિશે રસૂલે કરીમ (સલ.)ના મૌખિક આદેશો અને તેમના કૃત્યો દ્વારા મળેલા માર્ગદર્શનો હદીષની કિતાબોમાં ભર્યા પડ્યા છે. ઘરની ચાર દિવાલો મધ્યે પત્નીઓ સાથે કેવો વ્યવહાર રાખવો ? ઘરમાં આવીને મસ્‌અલા પૂછનારી સ્ત્રીઓને કેવા જવાબો આપવા ? એવી જ રીતે એવા સેંકડો મસ્‌અલાઓ છે, જેમાં રસૂલે કરીમ (સલ.)ની પવિત્ર પત્નીઓ દ્વારા ઉમ્મતનું માર્ગદર્શન થયું છે. શિક્ષણ અને પ્રચારની દીની આવશ્યકતાઓને નજર સમક્ષ રાખી રસૂલે કરીમ (સલ.) માટે પત્નીઓની વધારે સંખ્યા એક આવશ્યક બાબત હતી. ફક્ત હઝરત આયશા (રદી.) દ્વારા હુકમો, મસ્‌અલાઓ, અખ્લાક અને સભ્યતા તથા નબીએ કરીમ (સલ.)ના જીવનચરિત્ર વિશે ૨૨૧૦ (બે હજાર બસો દસ) રિવાયતો નકલ થઈ છે, જે હદીષની કિતાબોમાં જોવા મળે છે. હઝરત ઉમ્મે સલમા (રદી.)થી રિવાયત થયેલી હદીષોની સંખ્યા ૩૭૮ સુધી પહોંચેલ છે. હાફિઝ ઈબ્ને કય્યિમ (રહ.)એ 'એઅ્‌લામુલ મુવક્કિઈન' ભાગ-૧, પેજ-૯માં લખ્યું છે કે, "જો હઝરત ઉમ્મે સલમા (રદી.)ના ફતાવાઓને ભેગા કરવામાં આવે, જે તેમણે રસૂલે કરીમ (સલ.)ની વફાત પછી આપ્યા છે, તો તેની એક આગવી કિતાબ સંપાદિત થઈ શકે છે."

હઝ. આયશા (રદી.)નું રિવાયતો અને દીની શિક્ષણના પ્રચાર-પ્રસારમાં તથા ફિકહ અને ફતાવામાં જે સ્થાન છે, તે બાબત કોઈનાથી છૂપી નથી.

તેમના શાગિર્દોની સંખ્યા લગભગ ૨૦૦ જેટલી હતી. રસૂલે કરીમ (સલ.)ની વફાત પછી સતત ૪૮ વર્ષો સુધી તેમણે દીનનું ઈલ્મ ફેલાવ્યું.

ઉદાહરણ સ્વરૂપે માત્ર બે પવિત્ર પત્નીઓની હાલત અત્રે લખવામાં આવી છે. તદુપરાંત અન્ય અઝવાજે મુતહ્હરાતની રિવાયતો પણ ઘણી જ મોટી સંખ્યામાં વર્ણન થયેલી છે. દેખીતી રીતે ઈસ્લામના પ્રચાર-પ્રસાર અને કેળવણી દ્વારા જે લાભ ઉમ્મતને અઝવાજે મુતહ્હરાત (રસૂલે કરીમ સલ.ની પવિત્ર પત્નીઓ) દ્વારા પહોંચ્યો છે, તે અકલ્પનીય છે.

અંબિયા (અલૈ.)ના પ્રચાર-પ્રસારના ઉચ્ચ હેતુઓ તથા પૂરી દુનિયાની વ્યક્તિગત અને સામૂહિક, ખાનગી અને પ્રાદેશિક સુધારણાની ચિંતાઓને દુનિયાના વાસનાના પૂજારી મનુષ્યો શું સમજી શકે ? તેઓ તો દરેક બાબતને પોતાની હાલત ઉપર અનુમાનિત કરી તેના પરિણામો વિશે વિચારે છે. આ તે કારણ છે કે, જેના લઈ સેંકડો વર્ષોથી યુરોપના મુલ્હિદો (નાસ્તિકો) અને મુસ્તશ્રિકીન (પૂર્વીય ભાષાઓના જાણકાર ક્રિશ્ચિયનો) પોતાની હઠધર્મીના કારણે ફખ્રે દો આલમ (સલ.)ના બહુપત્નીત્વને ફક્ત એક જાતીય વાસના-પૂર્તિનું કારણ ઠરાવે છે, નઉઝુબિલ્લાહ ! જો રસૂલે કરીમ (સલ.)ના ચારિત્ર્ય ઉપર એક ઉપરછલ્લી નજર પણ નાંખવામાં આવે તો એક સમજદાર, ન્યાયી વલણ ધરાવનાર વ્યક્તિ ક્યારેય પણ રસૂલે કરીમ (સલ.)ના બહુ-પત્નીત્વને જાતીયતા અથવા વાસનાપૂર્તિ માટે હોવાનું કહી શકશે નહીં.

રસૂલે કરીમ (સલ.)ની માસૂમ (નિર્દોષ) ઝિંદગી મક્કાના કુરૈશીઓની સામે પસાર થઈ હતી. પચ્ચીસ વર્ષની ઉંમરમાં એક બાળ-બચ્ચાવાળી વિધવા સ્ત્રી કે જેના બે પતિઓ મૃત્યુ પામી ચૂક્યા હતા, તેમની સાથે નિકાહ કરીને ઝિંદગીના પચ્ચીસ વર્ષો તેમની સાથે જ પસાર કર્યા. તે પણ એવી રીતે કે, મહિનાઓ સુધી ઘર છોડીને ગારે હિરા (હિરા નામની ગુફા)માં ઈબાદતમાં મશગૂલ રહેતા હતા. તેમના બીજા જેટલા પણ નિકાહ થયા, તે બધા ૫૦ વર્ષની ઉંમર વટાવ્યા પછી થયા. આ ૫૦ વર્ષની ઝિંદગી અને યુવાનીનો બધો સમય મક્કાના નિવાસીઓની સામે પસાર થયો હતો. ક્યારેય

કોઈ દુશ્મનને પણ હુઝૂર (સલ.) સાથે કોઈ એવી બાબત જોડવાનો મોકો નથી મળ્યો, જે તેમના તકવા અને પવિત્રતાને અભડાવી શકે અથવા શંકાસ્પદ બનાવી શકે. હુઝૂર (સલ.)ના દુશ્મનોએ તેમના ઉપર જાદૂગર, શાયર, ગાંડા, જુઠ્ઠા વગેરે જેવા આક્ષેપો મૂકવામાં કોઈ કસર છોડી ન હતી. પરંતુ હઝરત આયશા (રદી.) સાથે નિકાહ કરવાને લઈ રસૂલે કરીમ (સલ.)ની માસૂમ ઝિંદગી ઉપર એક શબ્દ પણ એવો કહેવાની હિંમત નથી થઈ, જેનો સબંધ વાસના અથવા જાતિયતા કે વ્યભિચાર સાથે હોય. નઉઝુબિલ્લાહ !

શું આવી પરિસ્થિતિમાં આ બાબત ધ્યાન આપવા યોગ્ય નથી ? કે યુવાનીના ૫૦ વર્ષો એવા સંઘર્ષ અને તકવામાં તથા સમગ્ર દુનિયાથી અને તેની રંગરંગીલીઓથી અલિપ્ત રહીને પસાર કર્યા, પછી ઝિંદગીના છેલ્લા વર્ષોમાં રસૂલે કરીમ (સલ.) શા માટે બહુપત્નીત્વ અપનાવીને અનેક નિકાહ કરવા માટે મજબૂર થઈ ગયા ? એ કઈ બાબત હતી ? જો દિલમાં થોડી પણ ન્યાયની ભાવના હોય તો સમજવું મુશ્કેલ નથી કે અનેક નિકાહનું કારણ જે હમણાં ઉપર વર્ણન કરવામાં આવ્યું તેના સિવાય અન્ય કંઈ જ નથી અને હવે આ બહુપત્નીત્વની વાસ્તવિકતા પણ સાંભળી લો કે, તે કેવી રીતે અસ્તિત્વમાં આવી ?

૨૫ વર્ષની ઉંમરથી લઈ ૫૦ વર્ષની ઉંમર પૂરી થતા સુધી એકમાત્ર હઝરત ખદીજા (રદી.) રસૂલે કરીમ (સલ.)ના પવિત્ર પત્ની તરીકે રહ્યા. તેમની વફાત પછી હઝરત સવદહ અને હઝરત આયશા (રદી.) સાથે નિકાહ થયા. હઝરત સવદહ (રદી.) તો રસૂલે કરીમ (સલ.)ના ઘરમાં તશરીફ લાવ્યા, પરંતુ હઝરત આયશા (રદી.)ની ઉંમર નાની હતી એ કારણે તેઓ પોતાના પિતાના ઘરે જ રહ્યા. પછી અમુક વર્ષો બાદ સન હિજરી-૨ માં મદીના મુનવ્વરહમાં હઝરત આયશા સિદ્દીકા (રદી.)ની રૂખ્સતી થઈ. તે સમયે રસૂલે કરીમ (સલ.)ની ઉંમર ૫૪ વર્ષની થઈ ચૂકી હતી અને બે પત્નીઓ આ ઉંમરમાં તેમના નિકાહમાં ભેગી થઈ છે. અહીંયાંથી રસૂલે કરીમ (સલ.)ના જીવનમાં બહુપત્નીત્વ શરૂ થયું છે. ત્યાર બાદ એક

વર્ષ પછી હઝરત હફસા (રદી.) સાથે નિકાહ થયા, પછી અમુક મહિનાઓ પછી હઝરત ઝયનબ બિન્તે ખુઝયમા (રદી.) સાથે નિકાહ થયા અને ફક્ત અઢાર મહિના રસૂલે કરીમ (સલ.)ના નિકાહમાં રહ્યા અને તેમનો ઈન્તેકાલ થઈ ગયો. એક કૌલ પ્રમાણે ત્રણ મહિના તેમના નિકાહમાં જીવિત રહ્યા, ત્યાર બાદ સન હિજરી-૪માં હઝરત ઉમ્મે સલમહ (રદી.) સાથે નિકાહ થયા. પછી સન હિજરી-૫માં હઝરત ઝયનબ બિન્તે જહશ (રદી.) સાથે નિકાહ થયા. આ સમયે રસૂલે કરીમ (સલ.)ની ઉંમર ૫૮ વર્ષ થઈ ચૂકી હતી અને આટલી મોટી ઉંમરમાં આવીને ચાર પત્નીઓ ભેગી થઈ. હાલાંકે ઉમ્મતને જે સમયે ચાર પત્નીઓની પરવાનગી મળી ચૂકી હતી, તે સમયે જ રસૂલે કરીમ (સલ.) ઓછામાં ઓછા ચાર નિકાહ કરી શકતા હતા, પરંતુ તેમણે એવું કર્યું નથી. ત્યાર બાદ સન હિજરી-૬માં હઝરત જુવૈરિયહ (રદી.) અને સન હિજરી-૭માં હઝરત ઉમ્મે હબીબહ (રદી.) સાથે નિકાહ થયા અને સન હિજરી-૭માં જ હઝરત સફિય્યહ (રદી.) સાથે અને એ જ વર્ષે હઝરત મયમૂનહ (રદી.) સાથે નિકાહ થયા.

ખુલાસો :

૫૪ વર્ષની ઉંમર સુધી રસૂલે કરીમ (સલ.)ના નિકાહમાં ફક્ત એક પત્ની હતા, એટલે કે ૨૫ વર્ષ હઝરત ખદીજહ (રદી.) સાથે અને ચાર-પાંચ વર્ષો હઝરત સવદહ (રદી.) સાથે પસાર કર્યા. પછી ૫૮ વર્ષની ઉંમરમાં ચાર પત્નીઓ તેમના નિકાહમાં ભેગી થઈ અને બાકીની અઝ્વાજે મુતહ્-હરામ બે-ત્રણ વર્ષોમાં જ રસૂલે કરીમ (સલ.)ના નિકાહમાં આવી.

અને આ વાત ખાસ વર્ણન કરવાપાત્ર છે કે, તેમની બધી પત્નીઓમાં ફક્ત એક જ પત્ની એવા હતા, જે કુંવારા હોવાની પરિસ્થિતિમાં રસૂલે કરીમ (સલ.)ના નિકાહમાં આવ્યા અને તે ઉમ્મુલ મુઅમિનીન હઝરત આયશા સિદ્દીકા (રદી.) છે, બાકીની બધી જ પત્નીઓ વિધવા હતા. જેમાંથી તો અમુકના બે-બે પતિઓ થઈ ચૂક્યા હતા અને આ સંખ્યા પણ રસૂલે કરીમ (સલ.)ની ઉંમરના અંતિમ વર્ષોમાં આવીને ભેગી થઈ છે.

સહાબએ કિરામ (રદી.), પુરૂષો, સ્ત્રીઓ બધા જ રસૂલે કરીમ (સલ.) ઉપર પોતાનો પ્રાણ ન્યોછાવર કરતા હતા. જો તેમણે ઈચ્છ્યું હોત તો બધી કુંવારી સ્ત્રીઓ સાથે નિકાહ કરી શકતા હતા. બલ્કે એક-એક, બે-બે મહિના પછી.... નઉઝુબિલ્લાહ ! કરી શક્યા હોત, પરંતુ તેમણે એવું કર્યું નથી.

વળી, આ બાબત પણ વર્ણન કરવાપાત્ર છે કે, સરકારે દો આલમ (સલ.) અલ્લાહના સાચા નબી હતા, નબી મનેચ્છાની પૈરવી કરનાર કે વાસનાના ગુલામ નથી હોતા, જે કંઈ કરે છે માત્ર અને માત્ર અલ્લાહના જ હુકમથી કરે છે. તેમને નબી માની લીધા પછી પ્રત્યેક વાંધાઓ ખતમ થઈ જાય છે. જો કોઈ રસૂલે કરીમ (સલ.)ને નબી જ ન માને અને પછી આવા આક્ષેપો લગાવે કે તેમણે નઉઝુબિલ્લાહ ! વાસનાપૂર્તિ માટે બહુ-પત્નીત્વ અપનાવ્યું હતું તો એવા વ્યક્તિને કહેવામાં આવશે કે, જો એવું જ હોત તો તેમણે પોતાના બહુપત્નીત્વ વિશે પાબંદીનું એલાન શા માટે કર્યું ? જેનું વર્ણન કુર્આન શરીફની આયત **"લા યહિલ્લુ લક અન્નિસાઉ મિમ્ બઅદ"** "તે તમારા માટે હલાલ નથી આના પછી (વધારે) પત્નીઓ કરવું." (૩૩:૫૨)માં આવ્યું છે. પોતાના માટે આ પાબંદીની જાહેરાત એ બાબતની સ્પષ્ટ દલીલ છે કે, તેમણે જે કંઈ કર્યું, અલ્લાહપાકના હુકમથી કર્યું.

રસૂલે કરીમ (સલ.)ના બહુપત્નીત્વના કારણે કેળવણી અને દીનના પ્રચાર-પ્રસારના જે ફાયદાઓ ઉમ્મતને પ્રાપ્ત થયા અને જે હુકમો ઉમ્મત સુધી પહોંચ્યા, તેના ફાયદાઓ એટલા મોટા પ્રમાણમાં છે કે તેને શબ્દોમાં વર્ણવવા મુશ્કેલ છે. હદીષની કિતાબો આ બાબતની સાક્ષી આપે છે. અલબત્ત, અમુક અન્ય ફાયદાઓની જેમ અહીંયાં અમે તે લાભોની ચર્ચા ટૂંકમાં કરીએ છીએ :

હઝરત ઉમ્મે સલમહ (રદી.)ના પતિ હઝરત અબૂ સલમહ (રદી.)ના મૃત્યુ પછી રસૂલે કરીમ (સલ.)એ તેમની સાથે નિકાહ કરી લીધા હતા. તેઓ પોતાના આગલા પતિના બાળકો સાથે રસૂલે કરીમ (સલ.)ના ઘરે

આવ્યા અને તે બાળકોનું પાલન-પોષણ પણ રસૂલે કરીમ (સલ.)એ કરીને પોતાના આ કૃત્ય દ્વારા ઉમ્મતને કેળવણી આપી કે, કેવા પ્યાર અને મહોબ્બતથી ઓરમાઈ (સાવકી) ઔલાદની કેળવણી અને પાલન-પોષણ કરવું જોઈએ. રસૂલે કરીમ (સલ.)ની પત્નીઓમાં ફક્ત આ જ એક પત્ની છે, જે આગલા પતિના બાળકો સાથે આવ્યા. જો કોઈ પણ પત્ની આ પ્રમાણે ન હોત તો વ્યવહારૂ રીતે સાવકી-ઓરમાઈ ઔલાદનું પાલન-પોષણ અથવા કેળવણી કેવી રીતે થઈ શકે તેના તાદંશ્ય નમૂનાથી ઉમ્મત વંચિત રહી ગઈ હોત અને આ બાબતે તેમને કોઈ નબવી અમલ આધારિત ઉદાહરણ પ્રમાણે માર્ગદર્શન ન મળી શક્યું હોત, તેમના પુત્ર હઝરત ઉમર બિન અબી સલમહ (રદી.) ફરમાવે છે કે, "મેં રસૂલે કરીમ (સલ.)ના ખોળામાં કેળવણી પામી હતી. એક વખતે રસૂલે કરીમ (સલ.) સાથે ખાવું ખાતી વખતે પ્યાલામાં દરેક જગ્યાએ હાથ નાંખી રહ્યો હતો ત્યારે તેમણે ફરમાવ્યું કે, અલ્લાહનું નામ લઈને ખાઓ, જમણા હાથથી ખાઓ અને સામેથી ખાઓ." *(બુખારી, મુસ્લિમ, મિશ્કાતના હવાલાથી : પેજ-૨૬૩)*

હઝરત જુવયરિય્યહ (રદી.) આ જિહાદમાં કૈદ થઈને આવ્યા હતા અને તેમને ષાબિત બિન કૈસ અથવા તેમના પિતરાઈ ભાઈના હિસ્સામાં આપી દેવામાં આવ્યા. પરંતુ તેમણે પોતાના માલિકથી એ પ્રમાણે સમજૂતિ કરી લીધી કે, હું આટલો-આટલો માલ તમને આપી દઈશ, મને સ્વતંત્ર કરી આપો. આ સમજૂતિ કરીને નબીએ કરીમ (સલ.) પાસે આવ્યા અને આર્થિક મદદ માંગી. રસૂલે કરીમ (સલ.)એ ફરમાવ્યું : "તેનાથી ઉત્તમ વસ્તુ બતાવું ? તે એ કે, હું તમારા તરફથી માલ આપી દઉં અને તમારી સાથે નિકાહ કરી લઉં." તેમણે ખુશી-ખુશી મંજૂર કરી લીધું, ત્યાર બાદ રસૂલે કરીમ (સલ.)એ તેમના માટે માલ અદા કરીને તેમની સાથે નિકાહ કરી લીધા. હઝરત જુવયરિય્યહ (રદી.)ની કૌમના સેંકડો વ્યક્તિઓ સહાબએ કિરામ (રદી.)ના તાબા હેઠળ આવી ચૂક્યા હતા. કારણ કે તે બધા કેદ થઈને આવ્યા હતા, જ્યારે સહાબા (રદી.)ને આ બાબતની જાણ

થઈ કે જુવયરિય્યહ (રદી.) રસૂલે કરીમ (સલ.)ના નિકાહમાં આવી ગયા છે, તો રસૂલે કરીમ (સલ.)ના સન્માન ખાતર બધાએ પોતપોતાના ગુલામો અને બાંદીઓને આઝાદ કરી દીધા. સુબ્હાનલ્લાહ ! સહાબએ કિરામ (રદી.)ની સભ્યતાની કેટલી મોટી શાન હતી ! આ ભાવનાના કારણે આ લોકો સરદારે દો આલમ (સલ.)ના સાસરી પક્ષના લોકો બની ગયા. તેઓ હઝરત જુવૈરિયહ (રદી.)ના રિશ્તેદારોને કઈ રીતે ગુલામ બનાવીને રાખી શકતા હતા ? તેમણે બધાને સ્વતંત્ર કરી દીધા. હઝરત આયશા સિદ્દીકા (રદી.) આ ઘટના વિશે ફરમાવે છે :

"રસૂલે કરીમ (સલ.)ના હઝરત જુવયરિય્યહ (રદી.) સાથે નિકાહ કરી લેવાથી બનૂ મુસ્તલિકના ૧૦૦ ઘરો આઝાદ થઈ ગયા. મેં કોઈ સ્ત્રીને એવી નથી જોઈ જે જુવયરિય્યહ (રદી.)થી વધીને પોતાની કૌમ માટે મોટી બરકતવાળા સાબિત થયા હોય !"

હઝરત ઉમ્મે હબીબહ (રદી.) પોતાના પતિની સાથે ઈસ્લામની શરૂઆતના સમયમાં જ મક્કામાં જ ઈસ્લામ સ્વિકાર કરી ચૂક્યા હતા અને પછી બંને પતિ-પત્ની હિજરત કરીને કાફલાના બીજા વ્યક્તિઓ સાથે હબશા (ઈથોપિયા) ચાલ્યા ગયા હતા. ત્યાં તેમનો પતિ નસરાની (ક્રિશ્ચિયન) બની ગયો અને અમુક દિવસો પછી મૃત્યુ પામ્યો. રસૂલે કરીમ (સલ.)એ નજ્જાસી દ્વારા તેમની પાસે નિકાહનો સંદેશ મોકલ્યો, જેને તેમણે કબૂલ કરી લીધો અને ત્યાં હબશામાં નજ્જાસીએ જ રસૂલે કરીમ (સલ.)ના તેમની સાથે નિકાહ કરાવી દીધા. રસપ્રદ વાત એ છે કે, હઝરત ઉમ્મે હબીબહ (રદી.) અબૂ સુફિયાનના પુત્રી હતા અને અબૂ સુફિયાન તે સમયે ઈસ્લામ દુશ્મન ટોળાના મુખિયા હતા, જેમણે ઈસ્લામ દુશ્મનીને જ પોતાના જીવનનો મકસદ બનાવી લીધો હતો અને તેઓ મુસલમાનોને તથા પયગમ્બરે ઈસ્લામ (સલ.)ને તકલીફો પહોંચાડવામાં અને તેમને તબાહ-બરબાદ કરવા માટે કોઈ મોકો પોતાના હાથથી જવા દેવા તૈયાર ન હતા. જ્યારે તેમને આ નિકાહની જાણ થઈ તો તેમની જીભથી અનાયાસે જ આ શબ્દો સરી પડ્યા

"હુવલ્ ફહ્લુ લા યુઝદઉ અન્કુહુ" "મુહમ્મદ (સલ.) જવાંમર્દ છે, તેમનું નાક કાપી શકાય નહીં." મતલબ એ કે, તેઓ ઉંચા નાકવાળા સન્માનનીય વ્યક્તિ છે, તેમને અપમાનિત કરવું સહેલું નથી. આ બાજુ તો અમે તેમને અપમાનિત કરવા માટેની તૈયારીઓમાં લાગેલા રહીએ છીએ અને બીજી બાજુ અમારી પોતાની છોકરી તેમના નિકાહમાં ચાલી ગઈ !

મતલબ કે, આ નિકાહથી એક મનોવૈજ્ઞાનિક યુદ્ધમાં મુસલમાનોએ વિજય પ્રાપ્ત કર્યો, જેનાથી ઈસ્લામ અને મુસલમાનોના મુકાબલામાં કાફિરોનું નૈતિક બળ પડી ભાંગ્યું, તેઓ હિંમત હારી ગયા. આ નિકાહના કારણે જે કૂટનીતિક ફાયદાઓ ઈસ્લામ અને મુસલમાનોને થયા, તેના મહત્વ અને આવશ્યકતાનો ઈન્કાર થઈ શકે તેમ નથી અને વિશ્વાસપૂર્વક કહી શકાય છે કે, અલ્લાહના દિર્ઘદૃષ્ટા અને કોઠાસૂઝ ધરાવતા રસૂલે કરીમ (સલ.)એ આ નિકાહના ફાયદાઓને જરૂર નજર સમક્ષ રાખ્યા હશે.

સારાંશ કે, આપ (સલ.)ના બહુપત્નિત્વ (એકથી વધુ સ્ત્રીઓથી નિકાહ)ની પાછળ ઘણી બધી હિકમતો, મર્મો અને ભેદો છૂપાયેલા છે.

અરબ લોકો વિવિધ કબીલાઓ અને ખાનદાનોમાં વહેંચાયેલા હતા. ઈસ્લામના પ્રચાર-પ્રસાર માટે તેમની સાથે વિવિધ પ્રકારના સબંધો અને કરારો કરી તેમને એક તાંટણે બાંધવા જરૂરી હતા. અને તેમાં નિકાહ અને સગાઈનો પવિત્ર રિશ્તો અને સબંધ ઘણું જ મહત્વ રાખે છે.

આપના તે જાંનિસાર સાથીઓ જેમણે આપ (સલ.)ની દઅવત અને તબ્લીગ (પ્રચાર-પ્રસાર) માટે પોતાની જાન-માલ, ઈઝ્ઝત-આબરૂ વગેરે બધી જ વસ્તુઓ દાવ પર લગાડી હતી. અને લગાતાર દરેક ખતરનાક અને ગંભીર મોકાઓ ઉપર આપને સંપૂર્ણ રીતે સાથ-સહકાર આપ્યો. જેમાં હઝરત અબૂબક્ર સિદ્દીક (રદી.) અને હઝરત ઉમર (રદી.) પ્રથમ હરોળમાં હતા. તેમની આ કુર્બાનીઓ અને ઈખ્લાસભર્યા અમલોના બદલા સ્વરૂપે તથા તેમની ઈઝ્ઝત, પ્રતિષ્ઠા અને આબરૂમાં વધારો કરવા માટે તેમની

સાહબઝાદીઓને પોતાના નિકાહમાં અપનાવી.

આરબ કૌમ સંસ્કાર અને નૈતિકતાના નિચલા સ્તરે જીવન ગુઝારી રહી હતી. તેમને દુનિયાની ઈમામત અને નેતૃત્વ આપી માનવજગતના સુધારક બનાવવા માટે વિવિધ કબીલાઓ અને વિવિધ કૌમોના વિવિધ તબક્કાઓ સાથે મેળમિલાપ જરૂરી હતો તથા સામાજિક અને નૈતિક જીવનના તે મૂલ્યો અને સંસ્કાર જે ઘરેલુ જીવનથી સબંધ ધરાવે છે, તેને અમલીરૂપે બતાવવું જરૂરી હતું. માટે એકથી વધુ પત્નીઓ મારફતે તેને સમાજના વિવિધ વર્ગો સુધી પહોંચાડવાની કોશિશો કરવામાં આવી અને તેમાં ઘણી સફળતાઓ મળી અને તેના સારા પરિણામો આપ (સલ.)ના ફાની દુન્યા છોડ્યા બાદ લોકોને મેહસૂસ થયા. લોકોને મૂંઝવતા પ્રશ્નોના ઉત્તરો સ્ત્રીઓ મારફતે ઉમ્મુલ મુઅમિનીન હઝરત આયશા અને ઉમ્મે સલમહ (રદી.)એ ઉમ્મત સુધી પહોંચાડ્યા અને પુરૂષોએ પણ પરદાનો લિહાઝ (મર્યાદા) જાળવીને ઘણા પ્રોબ્લમો પુનિત પત્નીઓથી પૂછી પૂછીને દૂર કર્યા.

બદર અને ઉહુદની જંગો જે દુશ્મનો તરફથી થોપવામાં આવી હતી અને તેમાં ઘણા પુરૂષો શહીદ થઈ ગયા હતા. તેમની વિધવા સ્ત્રીઓ તથા નાના બચ્ચાઓના ભરણપોષણના પ્રશ્નો ઉપસ્થિત થયા, તો આપ (સલ.)એ સહાબાએ કિરામને એકથી વધુ શાદીનું પ્રોત્સાહન આપ્યું, જેથી આ શહીદોની વિધવાઓના ભરણપોષણ તથા સામાજિક, માનસિક પ્રશ્નોનું નિરાકરણ આવે અને દીન માટે તેમના પતિઓ તરફથી આપવામાં આવેલ કુર્બાનીઓ અને મહેનતોનું તેમને સારૂ ફળ આપવામાં આવે. તે સમાજમાં એકલતા અનુભવી ડીપ્રેશનમાં ન રહે, તેમના બાળકોની સારી રીતે સારસંભાળ રાખવામાં આવે. આ જ કારણસર આપ (સલ.)એ પોતે પણ હઝ. સવદહ (રદી.), હઝ. હફસહ (રદી.), હઝ. ઉમ્મે સલમહ (રદી.), હઝ. ઝયનબ બિન્તે ખુઝયમહ (રદી.) અને હઝ. મયમૂના (રદી.) સાથે શાદીઓ કરી.

આ સ્ત્રીઓમાં ઘણી સ્ત્રીઓ તે છે, જેમના શોહરોના શહીદ થયા બાદ તેમના ઈસ્લામ સ્વિકારને લઈ તેમના માં-બાપ અને ખાનદાનમાં પાછુ

ફરવું અશક્ય હતું. અને જો તેમનો ખ્યાલ ન રાખવામાં આવત, તો ખતરો હતો કે તેમના કુટુંબીજનો તેમને સતાવતે અને ઈસ્લામ છોડવા માટે મજબૂર કરત. તો તેમની તથા તેમના શોહરોની આ મહાન કુર્બાનીઓનો બદલો એ જ હતો કે તેમની શાદીની વ્યવસ્થા કરવામાં આવે. એ જ પ્રમાણે હઝ. ઉમ્મે હબીબહ જે મક્કાના સરદાર અબૂ સુફયાનની બેટી હતા, તેમના શોહર હબ્શા ખ્રિસ્તી થઈ ગયા હતા. તેમની દિલજોઈ કરવી જરૂરી હતી, તે અંજાણા દેશમાં એકલા હતા તથા તેને લઈ અબૂ સુફયાનની દુશ્મની પણ ઓછી થઈ ગઈ.

હઝ. ઝયનબ બિન્તે જહશ (રદી.) સાથે શાદીમાં જાહિલિય્યતના એક ગલત રિવાજને દૂર કરવાનો હેતુ હતો. કોઈ છોકરાને દત્તક લેવાથી તે પોતાનો પુત્ર નથી થતો, માટે તેની તલાક પામેલ સ્ત્રી સાથે શાદી કરવી જાઈઝ છે. આ ગલત અકીદા અને રિવાજને ખતમ કરવા આપ (સલ.)ના દત્તકપુત્ર હઝ. ઝૈદનો જ્યારે પોતાની પત્ની હઝ. ઝયનબ સાથે લડાઈ-ઝઘડો રહેતો હતો અને હઝ. ઝૈદ (રદી.) વારંવાર શિકાયત કરતા હતા. છેવટે તેમણે તલાક આપી તો અલ્લાહપાકના હુકમથી આપ (સલ.)એ હઝ. ઝયનબથી શાદી કરી.

હઝ. જુવયરિય્યહ (રદી.) સાથે શાદીને લઈ બની મુસ્તલકનો કબીલો જે મક્કા મુકર્રમહ અને મદીના મુનવ્વરહના દરમ્યાન હતો, તે બધાને આઝાદી મળી અને તે લોકો ઈસ્લામમાં દાખલ થઈ ગયા.

હઝ. જુવયરિય્યહ (રદી.) તથા હઝ. સફિય્યહ (રદી.) અરબ તથા યહુદી સરદારોની બેટીઓ હતી. તેમના નિકાહ સામાન્ય વ્યક્તિઓથી કરવા મુનાસિબ ન લાગ્યા, એટલે સહાબાએ કિરામે આપ (સલ.)થી દરખ્વાસ્ત કરી અને આપે તેમની સાથે શાદી કરી તેમને ઈઝઝત અને સન્માન આપ્યું. જેનો અસર બન્નેવ કબીલાઓ અને ખાનદાનો ઉપર થયો અને તે લોકોએ આને પોતાના કબીલાનું સન્માન અને પ્રતિષ્ઠા સમજી ઈસ્લામ કબૂલ કર્યો.

આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની પવિત્ર પત્નીઓનો ટૂંકો પરિચય

(૧) હઝરત ખદીજા (રદી.) :

હઝ. ખદીજા (રદી.) તે ઔરત છે, જેમણે સૌપ્રથમ ઈસ્લામ કબૂલ કર્યો અને ઈસ્લામના માટે પોતાની પૂરી દૌલત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) પર ખર્ચ કરી નાંખી. આપ (સલ.)ના નબી બનવા પહેલાં આપના ઘરને સંભાળ્યું અને ગારે હિરામાં વહી ઉતરી તો આપ (સલ.) ઘણા જ ગભરાઈ ગયા હતા, ત્યારે તેણીએ જ હુઝૂર (સલ.)ને હિંમત આપી હતી.

હુઝૂર (સલ.)એ ફરમાવ્યું કે, "હઝરત ખદીજા (રદી.) મારા પર તે સમયે ઈમાન લાવ્યા, જ્યારે બીજા લોકોએ મારી વાત ન માની. ખદીજા (રદી.)એ મને તે સમયે સાચો ઠેરવ્યો, જ્યારે લોકોએ મને જૂઠો કહ્યો અને પોતાના માલથી તે સમયે મદદ કરી, જે સમયે લોકોએ મને મહરૂમ રાખ્યો.

હઝરત ખદીજા (રદી.) આપ (સલ.)ના સૌ પ્રથમ બીવી હતા. **આપ (સલ.)ના નિકાહમાં આવતા પહેલાં બે નિકાહો કરી ચૂક્યા હતા. એક અબૂ હાલા સાથે અને બીજા અતીક ઈબ્ને આઈઝ સાથે અને બંનેથી ઔલાદ પણ થઈ હતી.**

હઝ. ખદીજા (રદી.) રમઝાનુલ મુબારક સન-૧૦ નબવીમાં મક્કા મુકર્રમહ મુકામે વફાત પામ્યા. તે સમયે આપ (રદી.)ની વય ૬૩ વર્ષની હતી. આપ (સલ.)ની સાથે ૨૫ વર્ષ રહ્યા. ૧૫ વર્ષ નુબૂવ્વત મળ્યા પહેલાં અને ૧૦ વર્ષ નુબૂવ્વત બાદ. જ્યારે તેણીની વફાત થઈ તે સમયે જનાઝાની નમાઝનો હુકમ ઉતર્યો ન હતો, કફન દઈને આપને જન્નતુલ મુઅલ્લામાં દફન કરવામાં આવ્યા.

(૨) હઝ. સવ્દહ બિન્તે ઝમ્અહ (રદી.) :

હઝરત સવ્દહ (રદી.) આપ (સલ.)ની તે બીવી હતા, જેમની સાથે

આપ (સલ.)એ હઝરત ખદીજા (રદી.) પછી સૌપ્રથમ નિકાહ કર્યા અને ત્રણ વર્ષ સુધી ફક્ત તેઓ જ આપ (સલ.)ના ઘરમાં એકલા રહ્યા, જ્યાં સુધી હઝરત આઈશા (રદી.)ની વિદાય ન થઈ.

સહાબા (રદી.)એ રસૂલુલ્લાહ (સલ.)ને હઝરત ખદીજા (રદી.) પછી એકાંતમાં જોયા, જેથી સહાબા (રદી.) ઈચ્છતા હતા કે, આપના નિકાહ થઈ જાય, જેથી એકાંત પણ દૂર થાય. પરંતુ આ વાત રસૂલુલ્લાહ (સલ.) સામે કોણ રજૂ કરે ? છેવટે હઝરત ખવ્લા (રદી.)એ પહેલ કરી અને આઈશા (રદી.)ની વાત મૂકી, પરંતુ તેણીની ઉંમર ઘણી જ નાની હતી અને એવી ઔરતની જરૂરત હતી, જે આપ (સલ.)ની સાહબ-ઝાદીઓને સારી રીતે રાખી શકે. તે માટે એક અનુભવી ઔરતની જરૂરત હતી, તો હઝરત સવ્દહ (રદી.)થી નિકાહ કરી આપ (સલ.)એ પોતાના ઘરનો કારભાર તેમને સોંપ્યો કે જેથી ઘરના બંદોબસ્તનો ભાર ઓછો થઈ જાય. જો કે આ વાતમાં મતભેદ છે કે, હઝરત આઈશા (રદી.)થી નિકાહ પહેલા થયા કે હઝરત સવ્દહ (રદી.)થી. હાં, આ વાત સ્પષ્ટ છે કે, હઝરત આઈશા (રદી.)ની વિદાય પાછળથી થઈ હતી.

હઝ. સવ્દહ (રદી.)ના પહેલા શૌહર તેમના કાકાના સાહબઝાદા હઝ. સકરાન (રદી.) હતા. તેઓ સાથે તેણીએ પણ દીનને બચાવવા માટે હબશહ તરફ હિજરત કરી હતી. પરંતુ ત્યાં જ હબશહમાં સફર-ની હાલતમાં તેમનો ઈન્તેકાલ થઈ ગયો, જેથી હઝરત સવ્દહ (રદી.) વિધવા બની ગયા હતા.

આપ (સલ.)એ મુસલમાન હિજરત કરનારી ઔરતો જે વિધવા બની ગઈ હતી, તેઓની સાથે ઘણો જ સારો વર્તાવ કર્યો. તેમાંથી હઝરત સવ્દહ (રદી.) સાથે આ વર્તાવ કર્યો કે, તેણીને પોતાના નિકાહમાં લઈ લીધા.

(૩) હઝરત આઈશા (રદી.) :

હઝ. આઈશા (રદી.) જ આપ (સલ.)ના એક એવા બીવી હતા, જેઓ કુંવારા હતા. બાકી બધી જ બીવીઓ વિધવા (બેવા) હતી. આપ

(રદી.) હઝરત અબૂબક્ર સિદ્દીક (રદી.)ની સાહબઝાદી હતા. હઝરત આઈશા (રદી.)ની વાલિદહનું નામ ઉમ્મે રૂમાન હતું. હુઝૂરે અકરમ (સલ.)ને નુબૂવ્વત મળ્યાના ચાર અથવા પાંચ વર્ષ પછી તેમનો જન્મ થયો અને એક રિવાયત મુજબ ૬ વર્ષની ઉંમરે નિકાહ અને ૯ વર્ષની ઉંમરે રૂખ્સતી થવા પામી. નિકાહ મક્કા મુકર્રમહમાં અને રૂખ્સતી હિજરત પછી મદીના મુનવ્વરહમાં થઈ. આપ (સલ.)ની ખિદમતમાં ૯ વર્ષ રહ્યા. રસૂલુલ્લાહ (સલ.)ની વફાતના સમયે (એક રિવાયત મુજબ) આપ (રદી.)ની ઉંમર ૧૮ વર્ષની હતી.

(૪) હઝરત હફસા (રદી.) :

આપનું મુબારક નામ હફસા હતું અને મુસલમાનોના જબરદસ્ત બીજા ખલીફા હઝ. ઉમર (રદી.)ના સાહબઝાદી અને ઉમ્મતના જબરદસ્ત આલિમ અને આબિદ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદી.)ના હકીકી બહેન હતા. **આપ (રદી.)ના પહેલા નિકાહ ખુનૈસ ઈબ્ને હનીફા (રદી.)થી થયા હતા.** ઈસ્લામના શરૂઆતના ઝમાનામાં જ પોતાના માં-બાપ સાથે મુસલમાન થયા અને પોતાના શૌહર સાથે મદીના શરીફ હિજરત કરી. **હઝરત ખુનૈસ (રદી.) બદ્રની લડાઈમાં શરીક થયા, ત્યાં તેઓ ઘણી બહાદૂરથી ઇસ્લામના દુશ્મનોથી લડ્યા અને સખ્ત ઝખ્મી થયા. તેઓ મદીના તશરીફ લાવ્યા પછી ત્યાં તેમનો ઈન્તેકાલ થઈ ગયો અને હઝરત હફસા વિધવા થઈ ગયા.** તેમની શહાદત પછી અને હઝરત આઈશા (રદી.)ની રૂખ્સતી પછી આપ (સલ.)એ હઝરત હફસા (રદી.) સાથે નિકાહ કર્યા.

(૫) હઝ. ઝૈનબ બિન્તે ખુઝૈમહ (રદી.) :

નામ ઝૈનબ, ખુઝૈમહ બિન્તે હારિસની સાહબઝાદી હતા. **તેણીએ પ્રથમ હઝ. અબ્દુલ્લાહ બિન જહશ (રદી.) સાથે નિકાહ કર્યા હતા. સન હિજરી-૩માં ઉહદની લડાઈમાં હઝરત અબ્દુલ્લાહ (રદી.) શહીદ થયા,** ત્યાર બાદ તે જ વર્ષ દરમિયાન હઝરત હફસા (રદી.) સાથે નિકાહ બાદ રસૂલુલ્લાહ (સલ.)એ હઝરત ઝૈનબ બિન્તે ખુઝૈમહ (રદી.) સાથે

નિકાહ કર્યા. તે સમયે હઝરત ઝૈનબ (રદી.)ની ઉંમર ૩૦ વર્ષની હતી. રસૂલુલ્લાહ (સલ.) સાથે નિકાહ કર્યાના ફક્ત આઠ મહિના બાદ હઝ. ઝૈનબ (રદી.)ની વફાત થઈ ગઈ.

(૬) હઝ. ઉમ્મે સલમહ (રદી.) :

આપનું મુબારક નામ હિન્દહ અથવા હિંદ હતું. ઉપનામ ઉમ્મે સલમહ (રદી.) હતું. બાપનું નામ હુઝૈફહ જે બનૂ મખઝૂમ નામના ખાનદાનના હતા. માંનું નામ આતિકા હતું. **હઝ. ઉમ્મે સલમહ (રદી.)ના નિકાહ તેમના કાકાના સાહબઝાદા અને આપ (સલ.)ના દૂધ શરીક ભાઈ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દિલ અસદની સાથે થયા હતા.** તેઓ પહેલેથી જ એક નેક અને સારા માણસ હતા.

મક્કાના કાફિરોએ જ્યારે મુસલમાનો પર મુસીબતો નાંખી, તો બીજા મુસલમાનોની સાથે આ બંને શૌહર-બીવીએ પણ હબ્શહની તરફ હિજરત કરી. ત્યાં તેમને એક સાહબ-ઝાદાનો જન્મ થયો, જેમનું નામ સલમહ રાખ્યું. તેનાથી જ હઝરત અબ્દુલ્લાહની કુનિય્યત અબૂ સલમહ અને હિંદની ઉમ્મે સલમહ પડી. પછી હબ્શહથી પાછા આવ્યા અને થોડો સમય મક્કામાં રોકાયા બાદ મદીના શરીફ હિજરત કરી.

હઝ. અબૂ સલમહ (રદી.) બદ્ર અને ઉહુદ બંને લડાઈઓમાં શામેલ હતા. ઉહુદની લડાઈમાં તેમને ઝખ્મ આવ્યું અને કંઈક સારૂં થઈ ગયું પછી આપ (સલ.)એ તેમને એક લશ્કરની નાની ટુકડીના અમીર બનાવી મોકલ્યા. પાછા ફર્યા તો તે ઝખમ પાછુ તાજું થઈ ગયું અને તેના જ અસરથી જમાદિયુસ્સાની સ.હિ. ૪માં વફાત પામ્યા.

હઝરત ઉમ્મે સલમહ (રદી.) ફરમાવે છે કે, અબૂ સલમહની વફાતથી મને ઘણી જ તકલીફ થઈ, અબૂ સલમહની વફાત પરદેશમાં થઈ, ત્યાં તેમનું કોઈ સગું ન હતું, તો મેં દિલમાં ધ્યેય કર્યો કે તેમની મૌત પર એટલી રડીશ કે તે રડવું પ્રખ્યાત થઈ જશે. હું રડવા માટે તૈયાર થઈ ગઈ અને બીજી એક ઔરત મારી સાથે રડવા માટે આવી. પરંતુ રસ્તામાં રસૂલુલ્લાહ (સલ.)ને તેના વિચારની ખબર પડી ગઈ તો આપ

(સલ.)એ ફરમાવ્યું : "તારો વિચાર છે કે, જે ઘરમાંથી અલ્લાહપાકે શયતાનને કાઢ્યો, તેને તું ઘરમાં ફરી દાખલ કરે ?" જ્યારે આ વાતની મને જાણ થઈ તો મેં રડવાનો વિચાર બદલી નાંખ્યો અને હું રડી નહીં.

રસૂલુલ્લાહ (સલ.)એ જ્યારે હઝરત ઉમ્મે સલમહ (રદી.) સાથે નિકાહનો પયગામ મોકલ્યો, તો તેમણે પોતાની મજબૂરી બતાવી અને કહ્યું કે, મારી તો ઔલાદ પણ છે અને મારી ઉંમર પણ વધારે થઈ ગઈ છે. જેથી મારી સાથે નિકાહ કરવાથી કોઈ ફાયદો પણ નથી અને મારાથી હવે ઔલાદ પણ પૈદા ન થશે અને મારા મિઝાજમાં ગૈરત પણ છે. (જેના લઈ બીજી શોકનું સાથે રહેવું મુશ્કેલ થઈ જશે) અને મારો કોઈ વલી પણ નથી.

આના જવાબમાં આપ (સલ.)એ ફરમાવ્યું : "જ્યાં સુધી ઉંમરની વાત છે, તો મારી ઉંમર તમારાથી વધારે છે અને તમારા છોકરાઓની અલ્લાહ તઆલા હિફાઝત કરનાર છે. તેઓને મોટા કરવામાં તમને કોઈ મુશ્કેલી ન થશે. હું પણ તેઓનો ખ્યાલ રાખીશ અને દુઆ કરીશ અને તમારી ગૈરતવાળી વાત તો તે જ રહેશે અને તમારો કોઈ વાલી (ઘરનો મોટો માણસ) મારી સાથે નિકાહ માટે મના પણ નહીં કરશે." આ જવાબથી ઉમ્મે સલેમહ (રદી.) રાઝી થઈ ગયા અને આપ (સલ.)થી નિકાહ કરી લીધા. આ નિકાહ સ.હિ.૪ શવ્વાલમાં થયા.

(ઉસુદુલ ગાહબહ-અલ ઈસાબહ)

(૭) હઝરત ઝૈનબ બિન્તે જહશ (રદી.) :

નામ ઝૈનબ, ઉપનામ ઉમ્મે હકીમ, બાપનું નામ જહશ ઈબ્ને રબાબ અને વાલિદાનું નામ ઉમૈમહ બિન્તે અબ્દુલ મુત્તલિબ હતું. જેઓ આપ (સલ.)ની હકીકી ફોઈ હતા, જેથી હઝરત ઝૈનબ (રદી.) આપ (સલ.)ની ફોઈ બહેન હતા.

હઝરત ઉમ્મે સલેમહ (રદી.)થી નિકાહ કરવા પછી આપ (સલ.)એ હઝરત ઝૈનબ (રદી.) સાથે નિકાહ કર્યા. **તેમના પ્રથમ નિકાહ આપ (સલ.)ના આઝાદ કરેલા ગુલામ હઝ. ઝૈદ ઈબ્ને હારિસહ (રદી.)થી થયા હતા. જ્યારે તેમણે તલાક આપી તો આપ (સલ.)એ તેમની સાથે નિકાહ કર્યા.**

હઝરત ઝૈદ (રદી.)એ જ્યારે ઝૈનબ (રદી.)ને તલાક આપી દીધી, તો આપ (સલ.)એ હઝરત ઝૈનબ સાથે નિકાહ કરવા માટે પયગામ મોકલ્યો અને તે પયગામ લઈ હઝરત ઝૈદ (રદી.)ને જ મોકલ્યા.

રસૂલુલ્લાહ (સલ.)ને અલ્લાહ તઆલાએ પહેલેથી જ હઝરત ઝૈનબ (રદી.) સાથે નિકાહ થવાની ખબર આપી દીધી હતી. પરંતુ તે ઝમાનામાં પોતાના લે-પાલક સાહબઝાદાની બીવી સાથે નિકાહ કરવું એવું સમજ-વામાં આવતું હતું કે, પોતાના જ સાહબઝાદાની બીવી સાથે નિકાહ કર્યા (પોતાના જ પુત્ર જો તેની બીવીને તલાક આપી દે તો પુત્રનો બાપ તેની સાથે નિકાહ કરી શકતો નથી). આપ (સલ.) લોકોના બૂરા-ભલા કહેવાના ડરથી આ વાત કોઈને કરતા ન હતા, પરંતુ અલ્લાહ તઆલાને આ જ મંજૂર હતું કે, અરબની આ જહાલત તૂટે અને ખરાબ વિચારો દૂર થાય કે, પાલક પુત્ર (દત્તક પુત્ર) હકીકી પુત્ર નથી બની જતો અને તેની પત્ની સાથે તેના તલાક આપ્યા બાદ નિકાહ કરી શકાય છે.

હઝરત ઝૈનબ (રદી.) બીજી બીવીઓ ઉપર ફખ્ર કરતા હતા કે, તમારા નિકાહ તો તમારા વાલિદો અથવા વાલીઓએ કરાવ્યા અને મારા નિકાહ સાત આસ્માનો પરથી અર્શવાળા અલ્લાહપાકે કરાવ્યા.

હઝરત ઝૈનબ (રદી.)થી આપ (સલ.)ના નિકાહ ઝિક્અદહના મહિનામાં હિજરી સન-૫માં થયા.

(૮) હઝરત જુવયરિય્યહ બિન્તે હારિસ (રદી.) :

આપનું નામ બર્રા હતું, બાપનું નામ હારિસ ઈબ્ને જિરાર હતું. જેઓ મુસ્તલિક ખાનદાનના સરદાર હતા. જ્યારે બર્રાના નિકાહ આપ (સલ.) -થી થયા, તો આપે તેમનું નામ જુવય-રિય્યહ રાખ્યું. **તેમના પહેલા નિકાહ તેમના કાકાના પુત્ર મુસાફિઅ ઈબ્ને સફવાન સાથે થયા હતા.**

હઝરત જુવયરિય્યહના વાલિદ પહેલા ઈસ્લામના સખ્ત દુશ્મન હતા. કુરૈશના કહેવા મુજબ પોતાના કુટુંબ સાથે મદીના શરીફ પર હુમલો કરવા માટે તૈયાર થયા. આપ (સલ.)ને ખબર થઈ કે, બનૂ મુસ્તલિકના લોકો

મારાથી લડાઈ કરવા માટે તૈયારી કરી રહ્યા છે, જેના સરદાર હારિસ ઈબ્ને જિરાર છે. જેથી રસૂલુલ્લાહ (સલ.) ૫ અથવા ૬ હિજરી સનમાં મુજાહિદીનની એક જમાઅત સાથે ૪૦૦ સહાબાને લઈ મદીનાથી તશરીફ લઈ ગયા. આપ (સલ.)ના નીકળવાની ખબર સાંભળી હારિસ નાસી છૂટ્યા.

હઝરત જુવયરિય્યહ (રદી.)ના કૈદી થવાની ખબર તેમના વાલિદને થઈ તો તેમણે ઘણો સામાન ઉંટો પર નાંખી પોતાની દિકરીને છોડાવવા માટે આવ્યા. રસ્તામાં બે ઉંટો (જે ઘણા સારા હતા) અકીક નામની જગ્યાએ તેને સંતાડી બીજો બધો સામાન લઈ આવ્યા અને આપ (સલ.)થી હઝરત જુવયરિય્યહને છોડાવવા વિશે વાત કરી. આપ (સલ.)એ ફરમાવ્યું : "હું તમને પૂરો અધિકાર આપું છું કે, તેણીને જવું હોય તો જઈ શકે અને રહેવું હોય તો રહી શકે." પછી હારિસે હઝરત જુવયરિય્યહને આ વાત કહી તો હઝ. જુવયરિય્યહ (રદી.) જવા માટે બિલ્કુલ તૈયાર ન થયા અને સાફ કહી દીધું કે, "હું અલ્લાહ અને તેના રસૂલ (સલ.)ને પ્રાપ્ત કરી ચૂકી છું."

જ્યારે વાલિદ હઝ. જુવયરિય્યહ માટે ભલામણ કરવા માટે માલ અને ઉંટો લઈ હાજર થયા, તો આપ (સલ.)એ પૂછ્યું : "પેલા બે ઉંટો ક્યાં છે, જેને તમો અકીકમાં સંતાડી આવ્યા છો ?" આ સાંભળી હારિસ અચંબામાં પડી ગયા અને કલિમો પઢી મુસલમાન બની ગયા અને કહ્યું કે, આ વાતની ખબર અલ્લાહ અને (વહીના વડે) તેના રસૂલ (સલ.) સિવાય કોઈને થઈ શકતી નથી અને તેમની સાથે તેમના બે પુત્રો અને કૌમના ઘણા માણસો મુસલમાન બની ગયા.

(૯) હઝ. ઉમ્મે હબીબહ (રદી.) :

આપનું નામ રમલા અને ઉપનામ ઉમ્મે હબીબહ હતું. બનૂ ઉમય્યાના પ્રખ્યાત સરદાર અબૂ સુફયાનની સાહબઝાદી હતા. વાલિદહનું નામ સફિય્યહ બિન્તે અબિલ આસ હતું, જેઓ હઝ. ઉસ્માન (રદી.)ની ફોઈ હતા, તો ઉમ્મે હબીબહ (રદી.) હઝ. અમીરે મુઆવિયહ (રદી.)ની સગી

બહેન અને હઝ. ઉસ્માન (રદી.)ની ફોઈ બહેન હતા. નુબૂવ્વતના ૧૭ વર્ષ પહેલાં મક્કામાં જન્મ્યા (૧૧ ઑક્ટોબર ૫૯૪ ઈ.સ.ના).

હઝ. ઉમ્મે હબીબહ (રદી.)ના પ્રથમ નિકાહ ઉબૈદુલ્લાહ ઈબ્ને જહશથી થયા હતા. બન્નેએ સાથે જ ઇસ્લામ કબૂલ કર્યો હતો. ઉમ્મે હબીબહ (રદી.)ના વાલિદ તે સમયે મુસલમાનોના પાકા દુશ્મન હતા. કાફિરોના ઝુલ્મના લઈ જ્યારે આપ (સલ.)એ સહાબાને હબ્શહ હિજરત કરી જવાનો હુકમ આપ્યો, તો બન્ને શૌહર-બીવી હબ્શહ હિજરત કરી ગયા. પરંતુ ત્યાં જઈ ઉબૈદુલ્લાહ ઈસાઈ બની ગયા અને ઈસાઈ હોવાની હાલતમાં જ મૃત્યુ પામ્યા.

(૧૦) હઝ. સફિય્યહ (રદી.) :

નામ ઝૈનબ, વાલિદનું નામ હુય્ય ઈબ્ને અખ્તબ અને વાલિદહનું નામ બર્રા બિન્તે સમ્વાલ હતું. ખયબરની જીત પછી બીજી ઔરતો સાથે ગનીમતના માલમાં તેઓ પણ હતા. ગનીમતના માલનો જે ભાગ જીતનાર-ના સરદારને મળતો, તેને અરબીમાં સફિય્યહ કહેતા હતા. રસૂલુલ્લાહ (સલ.)થી તેમના નિકાહ થયા, જેથી તેમને સફિય્યહ કહેવામાં આવ્યા.

હઝ. સફિય્યહ (રદી.)ના પિતા હુય્ય ઈબ્ને અખ્તબ હઝરત હારૂન (અલૈ.)ની ઔલાદથી હતા. યહૂદના પ્રખ્યાત કબીલા 'બનૂ નઝીર'ના સરદાર હતા. હુય્ય કેમકે નબીની ઔલાદમાંથી હતા, જેથી પૂરી પ્રજા તેમની ઈઝઝત કરતી અને તેમની સરદારીને માનતી. હઝ. સફિય્યહના નાના બનૂ કુરૈઝહના સરદાર હતા, તેમની બહાદૂરી ખૂબ પ્રખ્યાત હતી. મતલબ કે બાપ અને માં બંને તરફથી હઝરત સફિય્યહનું ખાનદાન એક ખાસ સ્થાન ધરાવતું હતું.

૧૪ વર્ષની ઉંમરમાં સફિય્યહ (રદી.)ની શાદી સલામ ઈબ્ને મશ્કમથી થઈ. પરંતુ બંનેમાં બનત ન આવતાં તલાક થઈ ગઈ. ત્યાર બાદ તેમના નિકાહ બનૂ કુરૈઝહ-ના એક સરદાર કિનાના ઈબ્ને અબુલ હકીકથી થયા, જે ખૈબરના સરદાર અબૂ રાફેઅનો ભત્રીજો અને ખયબરના પ્રખ્યાત કિલ્લા અલ્કુમુસ-નો ગવર્નર હતો, જે ખયબરની લડાઈમાં માર્યો ગયો. *(અલ્ ઈસાબહ)*

આપ (સલ.)એ હઝ. સફિય્યહને આઝાદ કરી તેમની સાથે નિકાહ કરી લીધા.

(૧૧) હઝરત મય્મૂના (રદી.) :

આપ (રદી.)નું મુબારક નામ મય્મૂના હતું. વાલિદનું નામ હારિસ અને માંનું નામ ખવ્લહ બિન્તે ઔફ હતું અને હઝરત અબ્બાસ (રદી.)ના બીવી અને ઉમ્મે ફઝલ (રદી.)ના બહેન હતા.

હઝ. મય્મૂના (રદી.)ના પહેલા નિકાહ મસ્ઉદ ઈબ્ને સકફીથી થયા હતા. તેમને કોઈ કારણસર તલાક આપી દીધી. પછી અબૂ રહમ અથવા હુવયતિબથી નિકાહ થયા. હિ.સ.૭માં તેમની વફાત થઈ ગઈ. *(અલ્ ઈસાબહ)*

આ જ વર્ષે રસૂલુલ્લાહ (સલ.) મદીના શરીફથી ઉમરહ માટે મક્કા મુકર્રમહમાં તશરીફ લઈ ગયા તો રસૂલુલ્લાહ (સલ.)ના કાકા હઝરત અબ્બાસ (રદી.)એ હઝરત મય્મૂના (રદી.) સાથે નિકાહ કરવા માટે આપ (સલ.)ને કહ્યું. આપ (સલ.)એ તેમની વાત મંજૂર કરી લીધી અને આપ (સલ.)એ હઝ. જઅફર ઈબ્ને અબૂ તાલિબ (રદી.)ને નિકાહનો પયગામ લઈ હઝરત મય્મૂના પાસે મોકલ્યા. હઝરત મય્મૂના (રદી.)એ હઝરત અબ્બાસ (રદી.)ને પોતાના વકીલ બનાવ્યા અને હિ.સ.૭માં શવ્વાલના મહિનામાં એહરામની હાલતમાં જ ૫૦૦ દિરહમ મહેરના બદલામાં હઝરત મય્મૂના (રદી.)થી નિકાહ કરી લીધા. ઉમરહ પૂરા કરી મક્કા મુકર્રમહથી અંદાજે ૧૦ માઈલ દૂર સરીફ નામની જગ્યાએ હઝરત મય્મૂના (રદી.)ની વિદાઈ થઈ. *(અલ્ ઈસાબહ)*

હઝ. મય્મૂના (રદી.)ના નિકાહ આપ (સલ.) સાથે ૭ હિ.સ.માં થયા અને ૧૦ હિ.સ.માં રસૂલુલ્લાહ (સલ.)ની વફાત થઈ. આ રીતે ત્રણ વર્ષ હઝરત મય્મૂના (રદી.) આપ (સલ.) સાથે રહ્યા.

આ અમુક વાતો લખવામાં આવી છે, તે સિવાય સીરત (રસૂલે કરીમ સલ.ના જીવનચરિત્ર) ઉપર નજર નાંખવામાં આવે તો તેમના બહુ-પત્નીત્વની અનેક હિકમતો જોવા મળે છે.

❋ ❋ ❋

હઝ. આયશા (રદી.) સાથે નાની ઉંમરે શાદી

ઈતિહાસ, સમાજ, વિજ્ઞાન અને અન્ય ધાર્મિક પુસ્તકોના આધારે

આપ (સલ.)ની એકથી વધુ શાદીઓના કારણો અને હિકમતો-ભેદો વિશે વિગતવાર વર્ણન કર્યા બાદ એક બીજા આક્ષેપ વિશે ચર્ચા કરવા માંગું છું. જો કે આગલા બે લેખોથી ઘણા બધા આક્ષેપોનું નિરાકરણ થઈ જાય છે....

હઝરત આયશા (રદી.)થી ૯ વર્ષની ઉંમરે શાદી કરવા બાબતે આપ (સલ.) વિશે એલફેલ બકવાસ થાય છે. આપ (સલ.)ની પવિત્રતા, પાકદામની અને પોતાની મનેચ્છાઓ ઉપર સંપૂર્ણ કંટ્રોલ કરવા વિશે શંકાઓ ઉપસ્થિત કરવામાં આવે છે.

બુખારી શ. અને મુસ્લિમ શ.ની રિવાયતોથી માલૂમ પડે છે કે રૂખ્સતી વખતે હઝરત આયશા (રદી.)ની ઉંમર ૯ વર્ષની હતી. *(બુખારી શરીફ, હદીષ નં.૪૧૮૩ થી ૪૧૮૫)*

ઉપરોક્ત બધી જ રિવાયતો સહીહ સનદોથી સાબિત છે. ૧૪૦૦ વર્ષ પહેલા સગીરા સાથે શાદી કરવાનો રિવાજ સામાન્ય રીતે પ્રચલિત હતો.

ઐતિહાસિક કારણ :

સમય તથા યુગ અનુસાર માનવીના ખોરાક અને તેમની વપરાશની વસ્તુઓમાં ઘણો બધો ફેરફાર થયો છે. તથા તેના લઈને માનવશરીરમાં શારીરિક ફેરફારો (Anatomical and Physiological Changes) પણ થયા છે. ૧૪૦૦ વર્ષ પહેલાં આટલી નાની ઉંમરમાં શાદી થઈ જવી સામાન્ય બાબત હતી. આ એક ઐતિહાસિક હકીકત છે કે, યુરોપ, એશિયા, આફ્રિકા અને અમેરિકામાં ૯ થી ૧૪ વર્ષની છોકરીઓના લગ્ન કરાવવામાં આવતા હતા. દા.ત. સેન્ટ ઓગષ્ટીન (Saint Augustine)ને ૧૦ વર્ષની છોકરી સાથે અને રાજા રિચર્ડે (King Richard) ૭ વર્ષની છોકરી સાથે તથા હેનરી-૮ (Henry-8)એ ૭ વર્ષની છોકરી સાથે લગ્ન કર્યા હતા.

આ જ પ્રમાણે બાઈબલમાં છે કે, દરેક કુંવારી સગીરને પોતાના લગ્ન માટે સુરક્ષિત કરી લો.

(In the book of Numbers, Chapter 31 & verse 17)

ખ્રિસ્તીઓની કેથોલિક ઈન્સાઈકલોપીડિયા પ્રમાણે હઝરત મરયમના લગ્ન (નઉઝુબિલ્લાહ) ૧૨ વર્ષની ઉંમરે ૯૯ વર્ષના જોસેફ સાથે થયા હતા. (ઈસ્લામી અકીદા પ્રમાણે હઝરત મરયમના નિકાહ કોઈની સાથે થયા ન હતા. હઝ. ઈસા અલયહિસ્સલામ અલ્લાહપાકના હુકમથી બાપ વગર પેદા થયા હતા.)

ઈ.સ. ૧૯૨૯ પહેલા સુધી ઈંગ્લેન્ડમાં ચર્ચ ઑફ ઈંગ્લેન્ડના વઝીરો ૧૨ વર્ષની છોકરી સાથે લગ્ન કરી શકતા હતા.

૧૯૮૩ પહેલા કેથોલિક કૈનાનના કાયદા પ્રમાણે પાદરીઓને ૧૨ વર્ષની છોકરી સાથે લગ્નની પરવાનગી આપી હતી.

ઘણા લોકોને ખબર નથી કે અમેરિકાના સ્ટેટ ઑફ ડેલ્યુરામાં ૧૮૮૦ ઈ.માં છોકરીની શાદીની ઓછામાં ઓછી ઉંમર ૮ વર્ષ અને કેલીફોર્નીયામાં ૧૦ વર્ષ હતી. આજે પણ અમેરિકાના અમૂક રાજ્યોમાં ૧૨-૧૩ વર્ષ અને ન્યુયોર્કમાં ૨૪ વર્ષની ઉંમર નક્કી કરી છે.

આ બધી વિગતો ખ્રિસ્તી ધર્મ તથા યુરોપ-અમેરિકાની પ્રખ્યાત વ્યક્તિઓ વિશે હતી. જેનાથી માલુમ પડે છે કે, આ ઉંમરે શાદી સામાન્ય બાબત હતી.

હિન્દુ ધર્મ : મનુસ્મૃતિમાં લખ્યું છે કે, છોકરીના બાલિગ થવા પહેલાં તેની શાદી કરાવી દો. *(ગોતમા ૨૧-૧૮)* બાપે પોતાની છોકરીને માસિક અવસ્થા શરૂ થતાં પહેલા લગ્ન કરાવી દેવા જોઈએ, જ્યારે તે નગ્નાવસ્થામાં ફરતી હોય. ત્યાર બાદ બાપ ગુનેહગાર થશે. *(વાશસ્તા : ૧૭-૭૦)*

(manu ix, 88; http://www.payer.de/dharmashastra/dharmash083.htm)

ભારતમાં શાદીની ઉંમર :

આના વિશે કેમ્બ્રીજની સેન્ટ જોન્સ કૉલેજના **Jack Goody**એ પોતાના પુસ્તક "The Oriental, the Ancient and Primitive"માં લખ્યું છે કે, ભારતિય ઘરોમાં છોકરી

-ઓને ઘણી જલ્દી પરણાવી દેવામાં આવે છે. શ્રીનિવાસ તે સમય બાબતે લખે છે કે, ભારતમાં છોકરીને પુખ્ત વય (બાલિગ) થતાં પહેલા જ પરણાવવાનો રિવાજ હતો.

છોકરીને સગીર અવસ્થામાં જ પરણાવવી પડતી હતી. હિન્દુ લૉ અને દેશના રિવાજ પ્રમાણે છોકરીના બાપ માટે જરૂરી હતું કે, તે પુખ્તવયની (બાલિગ) થતાં પહેલા જ તેની શાદી કરાવી દે. જો કે રૂખ્સતી (વિદાય) પાછળથી થતી હતી. જે અંદાજે ત્રણ વર્ષ બાદ થતી હતી.

(The Oriental, the Ancient and the Primitive, p.208)

આપણે જાણીએ છીએ કે, હજુ પણ ભારતમાં ઘણા સમાજોમાં આ પ્રમાણેના રિવાજો છે.

"The Encyclopedia of Religion and Ethics"માં લખ્યું છે કે જે વ્યક્તિની છોકરી આ અવસ્થામાં બાલિગ (પુખ્તવયની) થઈ રહી છે કે તેના લગ્ન નથી થયા, તો તેના હિન્દુ બાપને ગુનેગાર સમજવામાં આવતા હતા. જો આ પ્રમાણે હશે તો તે છોકરી આપમેળે શુદ્ર (નિચલી જાત)ના દરજ્જામાં ગણવામાં આવશે. અને આવી છોકરીથી લગ્ન કરવા શોહર માટે ઝિલ્લત અને રૂસ્વાઈ સમજવામાં આવતી હતી.

મનુસ્મૃતિમાં પુરૂષ અને સ્ત્રી માટે શાદીની જે ઉંમર દર્શાવવામાં આવી છે, તે પ્રમાણે પુરૂષની ઉંમર ૩૦ વર્ષની અને સ્ત્રીની ઉંમર ૧૨ વર્ષની અથવા પુરૂષ ૨૪ વર્ષનો અને સ્ત્રી ૮ વર્ષની હોવી જોઈએ.

પરંતુ આગળ જતાં બ્હ્રાસપટી અને મહાભારતના શિક્ષણ મુજબ હિંદુ છોકરીઓની જ ઉંમર દસ અને સાત વર્ષ છે, જ્યારે કે તેના પછીના શ્લોકોમાં લગ્નની ઓછામાં ઓછી ઉંમર ચારથી છ વર્ષ અને વધારેમાં વધારે ૮ વર્ષ વર્ણન કરેલ છે. અને આ પ્રમાણેના લગ્નના ઘણા દાખલાઓ-પુરાવાઓ મૌજૂદ છે કે, આવા લગ્નો ફક્ત લેખિત નથી બલ્કે અમલી સ્વરૂપમાં પણ મૌજૂદ હતા.

(Encyclopedia of Religion and Ethics, p.450)

તો હિંદુ ધર્મના માનવાવાળાઓની પોતાના ધાર્મિક પુસ્તકો પ્રમાણે આ ઉંમરે શાદી કરવી કોઈ બૂરાઈની

વાત નથી. જે લોકો આ ઉંમરનો વાંધો ઉઠાવે છે, તે પોતાના ધાર્મિક પુસ્તકો-થી અજાણતાને લઈ અથવા રાજકીય લાભ ઉઠાવવા માટે આવા આક્ષેપો કરે છે, તેમણે પોતાના ધાર્મિક પુસ્તકો-નો અભ્યાસ કરવો જોઈએ.

દરેક ધર્મના સ્થાપકો અને મહાન વિભૂતિઓ વિશે ધાર્મિક તથા ઐતિ-હાસિક પુસ્તકોમાં વર્ણન છે કે તેમણે સગીર વયની છોકરીઓ સાથે લગ્ન કર્યા છે.

૧૪૦૦ વર્ષ પહેલા આરબોમાં પણ આ ઉંમરે શાદી થતી હતી, અને તેને તેઓ ખરાબ માનતા ન હતા.

રસૂલે કરીમ (સલ.)ની પવિત્ર જાત નખશીખ રહમત અને બરકત છે. અલ્લાહપાકના હુકમોનો પ્રચાર તથા અંતર (આત્મા)ની શુદ્ધિ તથા કુર્આને કરીમના શિક્ષણનો પ્રચાર-પ્રસાર તેમની બઅષતનો સૌથી મોટો હેતુ હતો. તેમણે ઈસ્લામના શિક્ષણને મૌખિક તેમજ વ્યવહારમાં દુનિયામાં પ્રસારી દીધું. એટલે કે રસૂલે કરીમ (સલ.) અલ્લાહના હુકમો બતાવતા પણ હતા અને તેના ઉપર અમલ પણ કરતા હતા. પછી જ્યારે કે મનુષ્યના જીવનનું કોઈ એક પણ ક્ષેત્ર એવું નથી, જેમાં નબીએ કરીમ (સલ.)નું માર્ગદર્શન જરૂરી ન હોય. જમાઅત-ની નમાઝથી લઈ પત્નીઓ સાથેના સબંધો, સંતાનોની કેળવણી, પેશાબ-પાખાના માટે જવાની રીત, સ્વચ્છતા અને પાકીના મસ્અલાઓ વગેરે વિશે રસૂલે કરીમ (સલ.)ના મૌખિક આદેશો અને તેમના કૃત્યો દ્વારા મળેલા માર્ગદર્શનો હદીષ શરીફની કિતાબોમાં ભર્યા પડ્યા છે. ઘરની ચાર દિવાલો મધ્યે પત્નીઓ સાથે કેવો વ્યવહાર રાખવો ? ઘરમાં આવીને મસ્અલા પૂછનારી સ્ત્રીઓને કેવા જવાબો આપવા ? એવી જ રીતે એવા સેંકડો મસ્અલાઓ છે, જેમાં આપ (સલ.)ની પવિત્ર પત્નીઓ દ્વારા ઉમ્મતનું માર્ગદર્શન થયું છે. શિક્ષણ અને પ્રચારની દીની આવશ્યકતા-ઓને નજર સમક્ષ રાખી રસૂલે કરીમ (સલ.) માટે પત્નીઓની વધારે સંખ્યા એક આવશ્યક બાબત હતી. ફક્ત હઝરત આયશા (રદી.) દ્વારા હુકમો, મસ્અલાઓ, અખ્લાક અને સભ્યતા તથા રસૂલુલ્લાહ (સલ.)ના જીવનચરિત્ર વિશે ૨૨૧૦ (બે હજાર

બસો દસ) રિવાયતો નકલ થઈ છે, જે હદીષની કિતાબોમાં જોવા મળે છે. હઝરત ઉમ્મે સલમા (રદી.)થી રિવાયત થયેલી હદીષોની સંખ્યા ૩૭૮ સુધી પહોંચેલ છે. હાફિઝ ઈબ્ને કય્યિમ (રહ.)એ 'એઅ્લામુલ મુવક્કિઈન' ભાગ-૧, પેજ-૯માં લખ્યું છે : "જો હઝરત ઉમ્મે સલમા (રદી.)ના ફતાવાઓને ભેગા કરવામાં આવે, જે તેમણે રસૂલે કરીમ (સલ.)ની વફાત પછી આપ્યા છે, તો તેની એક આગવી કિતાબ સંપાદિત થઈ શકે છે."

હઝ. આયશા સિદ્દીકા (રદી.)નું રિવાયતો અને દીની શિક્ષણના પ્રચાર-પ્રસારમાં તથા ફિકહ અને ફતાવામાં જે સ્થાન છે, તે બાબત કોઈનાથી છૂપી નથી. તેમના શાગિર્દો-ની સંખ્યા લગભગ ૨૦૦ જેટલી હતી. રસૂલે કરીમ (સલ.)ની વફાત પછી સતત ૪૮ વર્ષો સુધી તેમણે દીનનું ઈલ્મ ફેલાવ્યું.

રસૂલે કરીમ (સલ.)ની માસૂમ (નિર્દોષ) ઝિંદગી મક્કાના કુરૈશી-ઓની સામે પસાર થઈ હતી. પચ્ચીસ વર્ષની ઉંમરમાં એક બાળ-બચ્ચા-વાળી વિધવા સ્ત્રી કે જેના બે પતિઓ મૃત્યુ પામી ચૂક્યા હતા, તેમની સાથે નિકાહ કરીને ઝિંદગીના પચ્ચીસ વર્ષો તેમની સાથે જ પસાર કર્યા. તે પણ એવી રીતે કે, મહિનાઓ સુધી ઘર છોડીને ગારે હિરા (હિરા નામની ગુફા)માં ઈબાદતમાં મશગૂલ રહેતા હતા. તેમના બીજા જેટલા પણ નિકાહ થયા, તે બધા ૫૦ વર્ષની ઉંમર વટાવ્યા પછી થયા. આ ૫૦ વર્ષની ઝિંદગી અને યુવાનીનો બધો સમય મક્કાના નિવાસીઓની સામે પસાર થયો હતો. ક્યારેય કોઈ દુશ્મનને પણ હુઝૂર (સલ.) સાથે કોઈ એવી બાબત જોડવાનો મોકો નથી મળ્યો, જે તેમના તકવા અને પવિત્રતાને અભડાવી શકે અથવા શંકાસ્પદ બનાવી શકે. હુઝૂર (સલ.)ના દુશ્મનોએ તેમના ઉપર જાદૂગર, શાયર, ગાંડા, જુઠ્ઠા વગેરે જેવા આક્ષેપો મૂકવામાં કોઈ કસર છોડી ન હતી. પરંતુ હઝરત આયશા (રદી.) સાથે નિકાહ કરવાને લઈ આપ (સલ.)ની માસૂમ ઝિંદગી ઉપર એક શબ્દ પણ એવો કહેવાની હિંમત નથી થઈ, જેનો સબંધ વાસના અથવા જાતિયતા કે વ્યભિચાર સાથે હોય. નઉઝુબિલ્લાહ !

શું આવી પરિસ્થિતિમાં આ બાબત ધ્યાન આપવા યોગ્ય નથી ? કે યુવાનીના ૫૦ વર્ષો એવા સંઘર્ષ અને તકવામાં તથા સમગ્ર દુનિયાથી અને તેની રંગરંગીલીઓથી અલિપ્ત રહીને પસાર કર્યા, પછી ઝિંદગીના છેલ્લા વર્ષોમાં રસૂલે કરીમ (સલ.) શા માટે ૯ વર્ષની સગીરા અપનાવવા મજબૂર થઈ ગયા ?

તે વખતના અરબ તથા બિન-અરબ બધા જ સમાજોમાં આ પ્રમાણેના લગ્નનો રિવાજ હતો. તેમના માટે આ પ્રકારના લગ્ન બૂરા અને ખરાબ ન હતા. જો હોતે તો આ લોકોને તો આપ (સલ.)ની વિરૂદ્ધ એક નવો મુદ્દો મળતો હતો. બીજા અન્ય પ્રકારના વાંધાઓ ઉઠાવ્યા, પરંતુ આ પ્રકારનો વાંધો ન ઉઠાવવો એ વાતની પાકી સાબિતી છે કે, આવા લગ્નો એટલા પ્રચલિત હતા કે તેમને આમાં કોઈ વાંધાજનક વસ્તુ દેખાઈ નહીં.

૯ વર્ષની ઉંમરે શું હઝ. આયશા (રદી.) બાલિગ (પુખ્તવય) થઈ ગઈ હતી ? આ મુખ્ય સવાલ છે. અને આ સવાલનો જવાબ એ છે કે, આરબ દેશની મોસમ અને પ્રાકૃતિક વાતાવરણ તથા હઝ. આયશા (રદી.)ની વાલિદહ (માતા)ની પોતાની પુત્રીની ખાવા-પીવાની કાળજી રાખવાને લઈ હઝ. આયશા (રદી.) લગ્નને લાયક થઈ ગયા હતા. જેની દલીલ એ છે કે, હઝ. અબૂબક્ર સિદ્દીક (રદી.)એ હઝરત આયશાને વિદાય કરવાની દરખ્વાસ્ત પોતે આપ (સલ.) સમક્ષ રજૂ કરી હતી. કોણ માં-બાપ એવા હોય, જે નાની ઉંમરે પોતાની સગીર છોકરીને શાદીની વિદાય માટે દરખ્વાસ્ત કરી તેને વિદાય કરે.

ઈતિહાસ અને આધુનિક વિજ્ઞાન :

આ વાત સાબિત કરે છે કે, બાલિગ થવાની ઉંમર વિવિધ પ્રદેશો અને સમયો તથા વાતાવરણના ફેરફાર થવાને લઈ વિવિધ રહી છે. વર્તમાન વૈજ્ઞાનિક રિસર્ચ આ વાતને સાબિત કરે છે કે, "છોકરીઓની સંપૂર્ણ બાલિગ થવાની ઉંમર ૯ વર્ષથી લઈ ૧૫ વર્ષની દરમ્યાન કોઈ પણ વખતે થઈ શકે છે.

(http://www.livescience.com/1824-truth-early-puberty.heml)

The average temperature

of the country is considered the chief factor with regard to Menstruation and Sexual Puberty"

(Women : An Historical, Gynecological and Anthropological compendium, Volume I, Lord and Brandsby, 1998, p.563)

ભાવાર્થ : કોઈ પણ પ્રદેશની છોકરીઓના માસિક શરૂ થવા અને બાલિગ થવાનો સમય તે દેશના ગરમીના પ્રમાણ પર હોય છે. ગરમી-નું પ્રમાણ અને અમૂક ડિગ્રી તાપમાન છોકરીઓના માસિક શરૂ થવામાં ઘણી જ મહત્વની ભૂમિકા ભજવે છે.

ઉપરોક્ત ઐતિહાસિક, વૈજ્ઞાનિક, સામાજિક અને વિવિધ ધર્મપુસ્તકો-ના દાખલાઓની રોશનીમાં હઝ. આયશા (રદી.)ની સગીર હોવાનો આક્ષેપ બિલ્કુલ રદ્દ થઈ જાય છે.

ઈમામ શાફઈ (રહ.) ફરમાવે છે કે, મેં એક એવી સ્ત્રી જોઈ છે, જેની ઉંમર એકવીસ વર્ષની હતી. અને તે નાની બની ગઈ હતી. એ એવી રીતે બન્યું કે, ૯ વર્ષની ઉંમરમાં તેને માસિક (હૈઝ) આવ્યું અને દસમાં વર્ષે તેની શાદી થઈ. તેને બચ્ચીનો જન્મ થયો અને તેની આ છોકરીને પણ ૯ વર્ષે માસિક આવવાથી શાદી થઈ ગઈ અને તેણે પણ દસમા વર્ષે બચ્ચી જન્મી. આ પ્રમાણે ૨૧ વર્ષની ઉંમરે તે નાની બની ગઈ.

(ફત્હુલ બારી : પેજ-૨૦૩, ભાગ-૫)

આ જ પ્રમાણે ઈમામ બુખારી (રહ.) હસન બિન સાલેહના હવાલા-થી એક કિસ્સો લખે છે કે, મેં મારી પડોશમાં એક છોકરીને જોઈ કે તે ૨૧ વર્ષની ઉંમરે નાની બની ગઈ હતી. *(બુખારી : ભાગ-૧, પેજ-૪૬૬)*

ઈમામ દારે કુત્ની (રહ.) અબ્બાદ બિન અબ્બાદ મુહલ્લબીના હવાલા-થી રિવાયત કરે છે કે, મેં પોતાની કૌમ મુહાલબામાં એક સ્ત્રીને જોઈ કે તે ૧૮ વર્ષની ઉંમરે નાની બની ગઈ હતી. તે આ પ્રમાણે કે ૯ વર્ષની ઉંમરે તેણે છોકરીને જન્મ આપ્યો અને તેની છોકરીએ પણ ૯ વર્ષની ઉંમરે છોકરીને જન્મ આપ્યો. આ રીતે ૧૮ વર્ષની ઉંમરે તે નાની બની ગઈ.

હઝ. આયશા (રદી.) પોતાની શારીરિક શક્તિ મઝબૂત હોવાનું વર્ણન કરતાં ફરમાવે છે કે, મારી વાલિદહે (માતાએ) એવું ચાહ્યું કે,

હું મોટી અને જાડી તબીઅતવાળી થાઉં, જેથી મારી વિદાય (રૂખ્સત) થાય. પરંતુ તેમની બધી કોશિષો અને યુક્તિઓ સફળ ન થઈ. છેવટે તેમણે મને કાકડી (ચીભળા) અને ખજૂર સાથે મેળવીને ખવડાવ્યું. ત્યાર બાદ મારી તબીઅત ઘણી સારી થઈ ગઈ.

(અબૂ દાઉદ : હદીષ નં.૩૯૦૩)

રસૂલુલ્લાહ (સલ.)નું મદીનામાં આગમન અને હઝ. આઈશા સાથે નિકાહ અને એકાંતવાસ કરવો :

હઝ. આઈશા (રદી.) કહે છે કે, મારી ૬ વર્ષની ઉંમર હતી ત્યારે રસૂલુલ્લાહ (સલ.)એ મારી સાથે નિકાહ કર્યા. જ્યારે અમે મદીના ગયા ત્યારે બની હારિસના મહોલ્લા -માં ઉતર્યા. ત્યાં જઈને મને તાવ આવ્યો. માથાના વાળ ખરી ગયા. પછી જ્યારે તાવ મટી ગયો ત્યારે એટલા વાળ ઉગ્યા કે હવે ખભાઓ પર પડ્યા છે. એક દિવસ મારી માં ઉમ્મે રૂમાન મારી પાસે આવ્યા. તે વખતે હું એક ઝુલામાં બેઠી હતી, સખીઓ મારી પાસે હતી. માંએ મને અવાજ દીધો, હું તેમની પાસે ગઈ, પરંતુ કંઈ ખબર ન હતી કે તેમનો શું ઈરાદો છે. તેમણે મારો હાથ પકડીને ઘરના દરવાજા પાસે લાવીને ઉભી કરી દીધી. હું હાંફતી હતી, જ્યારે થોડી વારે રાહત થઈ અને શ્વાસ થંભ્યો ત્યારે માંએ પાણી લઈને મારૂં મોં અને માથું મસળીને ધોવડાવ્યું અને ઘરમાં દાખલ કરી દીધી. ત્યાં થોડીક અન્સારી ઔરતો બેઠી હતી. દરેક કહ્યું : સારૂં થાય, મુબારક થાય, નેક શુકન થાય. માં મને તેમના હવાલે કરીને ચાલ્યા ગયા. તેમણે મને સારી રીતે શણગારી. ચાશતના સમયે હુઝૂર (સલ.) આવ્યા, જેનાથી મને ભય લાગ્યો. પરંતુ ઔરતોએ મને હુઝૂરના હવાલે કરી દીધી. તે વખતે મારી ઉંમર ૯ વર્ષની હતી.

હઝ. આઈશા (રદી.) કહે છે કે, રસૂલુલ્લાહ (સલ.)એ મને કહ્યું કે, મને સ્વપ્નમાં બે વાર તારી શિકલ બતાવવામાં આવી. મને ખ્યાલ આવે છે કે, તે વખતે તેં રેશમી કપડાં પહેર્યા હતા અને (ફરિશ્તો) કહી રહ્યો હતો કે, આ તમારી પત્ની છે, જોઈ લો. મેં જોયું તો તારી શિકલ દેખાઈ. મેં કહ્યું કે, જો આ સ્વપ્ન અલ્લાહ તઆલા

તરફથી હશે, તો તે તેને પુરૂં કરશે.

હઝરત ઉરવા (રદી.) કહે છે કે, હિજરતના ત્રણ વર્ષ પહેલાં હઝરત ખદીજા (રદી.)ની વફાત થઈ હતી. લગભગ બે વર્ષ (હઝ. આઈશા સાથે નિકાહ કરતાં પહેલાં) હુઝૂરે મદીના મુનવ્વરહમાં વસવાટ કર્યો. પછી હઝ. આઈશા (રદી.) સાથે નિકાહ કર્યા. તે વખતે હઝરત આઈશા (રદી.)ની ઉંમર ૬ વર્ષની હતી અને એકાંતવાસ વખતે તેમની ઉંમર ૯ વર્ષની હતી.

હઝ. આઈશા (રદી.) કહે છે કે, હું જ્યારથી સમજણી થઈ ત્યારથી મારા માં-બાપને ઈસ્લામ ધર્મનું અનુકરણ કરતા જોયા. કોઈ દિવસ એવો જતો ન હતો કે, દિવસના બંને ભાગોમાં સવાર-સાંજ હુઝૂર (સલ.) અમારા ઘેર ન આવતા હોય. પરંતુ જ્યારે મુસલમાનોને વધારે તકલીફ આપવાનું શરૂ થયું ત્યારે હઝરત અબૂબક્ર હબશા તરફ હિજરત કરવાના ઈરાદાથી નીકળ્યા. 'બરકુલ ગિમાદ' સ્થળે કઅૂરા કબીલાનો સરદાર ઈબ્ને દુગુન્ના મળ્યો અને પૂછ્યું : અબૂબક્ર ! ક્યાંનો ઈરાદો છે ? હઝ. અબૂબક્રે કહ્યું : મારી કૌમે મને કાઢી મૂક્યો, હવે હું ઈચ્છું છું કે પૃથ્વીનો પ્રવાસ શરૂ કરૂં અને મારા પાલનહારની ઈબાદત કરૂં. ઈબ્ને દુગુન્નાએ કહ્યું : અબૂબક્ર, તારા જેવો માણસ ન તો પોતે વતન છોડી શકે છે, ન વતનમાંથી કાઢી શકાય છે. તું નાદારોની મદદ કરે છે, સગાઓ સાથે સદ્વર્તાવ કરે છે, લોકોનો ભાર પોતે ઉઠાવે છે, મહેમાનોની મહેમાની કરે છે અને ખરેખરી મુસીબતના વખતે લોકોની મદદ કરે છે. હું તારા આશ્રયની જવાબદારી લઉં છું. પાછો જા અને તારા શહેરમાં તારા પાલનહારની ઈબાદત કર. હઝ. અબૂબક્ર પાછા ફર્યા. ઈબ્ને દુગુન્ના પણ તેમની સાથે આવ્યો. સાંજના સમયે કુરૈશના સરદારો પાસે આંટો માર્યો અને કહેવા લાગ્યો કે, અબૂબક્ર ન પોતે વતન છોડી શકે છે, ન તેને કોઈ કાઢી શકે છે. શું તમે એવા માણસને કાઢો છો, જે નાદારોની મદદ કરે છે, સગાઓ સાથે સદ્વર્તાવ કરે છે, લોકોનો ભાર પોતે ઉઠાવે છે, મહેમાનોની મહેમાની કરે છે અને ખરેખરી મુસીબતમાં લોકોની મદદ

કરે છે ? કુરૈશે આ સાંભળીને ઈબ્ને દુગુન્નાનો આશ્રય રદ કર્યો નહીં. તેઓ કહેવા લાગ્યા : વારૂ, તમે અબૂબક્રને કહી દો કે, પોતાના ઘરમાં પોતાના પાલનહારની ઈબાદત કરે. ત્યાં જ નમાઝ પઢે અને જે કંઈ ચાહે તે પઢે. અમને તકલીફ ન આપે અને એની જાહેરાત ન કરે.

હઝ. આયશા (રદી.)ની ફઝીલતો

બુખારી અને મુસ્લિમ શરીફમાં હઝરત અનસ (રદી.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું કે આઈશાની ફઝીલત બીજી ઔરતો પર એવી છે, જેવી સરીદની બીજા ખાણાંઓ પર. (સરીદ એક પ્રકારનું ઉત્તમ ખાણું હતું.) *(બુખારી, મુસ્લિમ)*

હઝ. આઈશા (રદી.) ફરમાવે છે કે, "મને અમુક વસ્તુઓ એવી આપવામાં આવી છે, જે મરીયમ બિન્તે ઈમરાન (અલૈ.)ના પછી કોઈને આપવામાં આવી નથી."

- રસૂલુલ્લાહ (સલ.)ની હું જ એવી બીવી હતી કે આપ (સલ.) પહેલાં મારા કોઈનાથી નિકાહ થયા ન હતા. બીજી દરેક બીવીના આપ (સલ.) પહેલાં કોઈના એક તો કોઈના બે શૌહરો સાથે નિકાહ થઈ ચૂક્યા હતા.

આપ (સલ.)ની વફાત હઝરત આયશા (રદી.)ની ગોદમાં (દાઢી અને છાતી ઉપર માથુ હતુ) થઈ. હઝરત આયશા (રદી.)એ મિસ્વાક (દાંતણ) ચાવીને આપ્યું અને આપે તેને પોતાના મોઢામાં લઈને ચાવ્યું. આ રીતે ઝિંદગીના છેલ્લા શ્વાસ પહેલા હઝરત આયશાનું થુંક આપ (સલ.)ના થુંક સાથે મળ્યું. ઈન્તિકાલ પહેલાં હઝરત આયશા (રદી.)ના હુજરા (રૂમ)માં રહ્યા. અને વફાત પણ તેમના રૂમમાં તેમની વારીના જ દિવસે થઈ. વહીનું ઉતરાણ હઝરત આયશા (રદી.)ના રૂમમાં જ થયું. સહાબાએ કિરામ તરફથી હદિયહ પણ હઝ. આયશા (રદી.)ની વારીમાં જ વધુ પ્રમાણમાં આવતા હતા.

અમૂક મસાઈલનો જવાબ દેવો શર્મવાળો હોય છે, તો સવાલ ન કરવાને લઈ માણસ તે ઈલ્મથી મહરૂમ થઈ જાય છે. હઝ. આયશાને આપે આ પ્રકારના સવાલોના જવાબો આપ્યા અને હઝરત આયશાએ તે

મસ્અલા ઔરતોને બતાવ્યા. ૪૮ વર્ષ સુધી જીવંત રહી પુરૂષો અને સ્ત્રીઓને ઈલ્મ શિખવાડ્યો.

હઝ. મરયમ (રદી.)ની બરાઅત (સફાઈ) હઝરત ઈસા (અલૈ.) મારફતે થઈ. હઝરત યૂસુફ (અલૈ.) માટે નાના બચ્ચાએ ગવાહી આપી. અને હઝ. આયશાની (પાકદામની) માટે પોતે અલ્લાહપાકે કુર્આનમાં આયત નાઝિલ ફરમાવી.

ઐશપરસ્ત ખુબસૂરતી જોવે છે, ન કે સિફાત, તો હઝરત આયશા (રદી.) સિફાતને લઈ મહબૂબ હતી.

- હુઝૂર (સલ.)ની કબ્ર તેમના જ ઓરડામાં બનાવવામાં આવી.
- તેમને અલ્લાહ તઆલા તરફથી માફી અને ઉત્તમ રોઝીનો વાયદો કરવામાં આવ્યો.
- ઉમ્મતને તયમ્મુમનો હુકમ અને તેની રૂખ્સત પણ હઝ. આઈશા (રદી.)ના લઈને જ મળી.
- અલ્લાહ તઆલાએ તેમના માટે તોહમત દૂર કરવાની આયતો નાઝિલ ફરમાવી.

હઝરત અબૂબક્ર આજુરી (રહ.) ઉત્તમ સનદના સાથે રિવાયત કરે છે કે, હઝરત આઈશા (રદી.) હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની બીજી બીવીઓને કહેતા કે, મને તમારા પર દસ ચીઝો વતી ફઝીલત આપવામાં આવી અને આ વાત હું ફખ્રના માટે નથી કહેતી.

હઝરત આઈશા (રદી.) સૌ લોકોમાં આપ (સલ.)ની હાલતોના સૌથી વધુ જાણકાર હતા. કેમકે તેઓએ સૌથી વધારે આપ (સલ.)ના ઘરની હાલતોને જોઈ હતી. આપ (સલ.)થી સૌથી વધારે તકલીફનો બોજો ઓછો કરનારા હતા, અને તેણીની સમજદારી અને દિમાગ-શક્તિ, યાદશક્તિ એટલી વધારે હતી કે, જેથી આપ (સલ.) તેમનાથી મુત્મઈન હતા અને આ વસ્તુઓને લઈને જ હઝરત આઈશા (રદી.) આપ (સલ.)ના મુખ્ય હેતુઓ દીનની દઅવત અને દીનના ઈલ્મને ઉમ્મત સુધી પહોંચાડવામાં મદદરૂપ થયા.

હઝરત ઈમામ ઝોહરી (રહ.) ફરમાવે છે કે, આપ (સલ.)ની બીજી બીવીઓના ઈલ્મને ભેગો કરવામાં આવે અને હઝ. આઈશા (રદી.)ના

ઈલ્મને ભેગો કરવામાં આવે તો હઝ. આઈશા (રદી.)નો ઈલ્મ વધી જશે.

હઝ. મસ્રૂક (રહ.) ફરમાવે છે કે, મેં મોટા-મોટા સહાબાને જોયા (જેઓ ઉંમરમાં પણ મોટા હતા), હઝ. આઈશા (રદી.)થી ફરાઈઝનો ઈલ્મ પ્રાપ્ત કરતા હતા. *(અલ ઈસાબહ)*

હઝ. અબૂ મૂસા (રદી.) ફરમાવે છે કે, રસૂલુલ્લાહ (સલ.)ના સહાબા-માંથી કોઈને જ્યારે ઈલ્મી ઉલ્જન સામે આવી અને હઝરત આઈશા (રદી.)ને પૂછતા, તો તેનો જવાબ ચોક્કસ મળી જતો. *(મિશ્કાત : ૫૭૪)*

હદીસની રિવાયતો કરવામાં મોટા મોટા તાબિઈન સિવાય ઘણા સહાબા પણ હઝ. આઈશા (રદી.)ના શાગિર્દ હતા.

હઝરત આઈશા (રદી.) આપ (સલ.)થી ઘણા પ્રશ્નો કરતા. એક સમયે પૂછ્યું કે, હે અલ્લાહના રસૂલ (સલ.) ! મારી બે પડોસણ છે, તો હદિયો પ્રથમ કોને આપું ? આપ (સલ.)એ ફરમાવ્યું : જેનો દરવાજો તમારા ઘરથી વધારે નઝદીક હોય તેને પહેલો હદિયો આપો.

એક સમયે આપ (સલ.)એ ફરમાવ્યું કે, કિયામતના દિવસે લોકો ખુલ્લા પગે અને ખુલ્લા શરીરે ખત્ના વગરના ઉઠાડવામાં આવશે (જેવી રીતે માંના પેટથી પેદા થયા છે). આ સાંભળી આઈશા (રદી.)એ પૂછ્યું : હે અલ્લાહપાકના રસૂલ (સલ.) ! શું મર્દો અને ઔરતો બધા નગ્ન હશે ? અને એકબીજાને જોશે ? એના જવાબમાં આપ (સલ.)એ ફરમાવ્યું કે, હે આઈશા ! મુસીબત એટલી વધારે હશે કે કોઈને તેનો ખ્યાલ પણ ન આવશે. કોઈને કોઈના તરફ જોવાનો હોશ જ ન હશે.

હઝ. અબૂ સલમહ ઈબ્ને અબ્દુ-ર્રહમાન હઝ. આઈશા (રદી.)ના ઈલ્મ વિશે લખે છે કે, જો આપ (સલ.)ની સુન્નતોને વધારે જાણકાર હોય અને સલાહની જરૂર પડે તો તેને વધારે સમજદાર અને કુર્આનની કઈ આયત કઈ વસ્તુ માટે ઉતરી અને કોઈ ફર્ઝ વસ્તુઓને વધારે જાણકાર હોય એવા હઝ. આઈશા (રદી.)થી વધીને કોઈને ન જોયા.

(અત્તબકાત : ભાગ-૨, પેજ-૩૭૫)

હઝ. આઈશા (રદી.) ફરમાવે

છે કે, એક ઔરત પોતાની બેટીઓ સાથે મારી પાસે આવી, તેણે મારાથી સવાલ કર્યો તો મારી પાસે ફક્ત એક ખજૂર તેને મળ્યું. મેં તેને તે ખજૂર આપી દીધું તો તેણે તે ખજૂર પોતાની બે છોકરીઓને વહેંચી દીધું અને પોતે બિલ્કુલ ખાધું નહીં. ત્યાર બાદ તે અને તેની બન્ને છોકરીઓ ચાલ્યા ગયા.

ત્યાર બાદ હુઝૂર (સલ.) મારી પાસે તશરીફ લાવ્યા, તો મેં આપ (સલ.)ને તે ઔરતની વાત કરી. આપ (સલ.)એ ફરમાવ્યું કે, જેની પણ છોકરીઓ વતી પરીક્ષા કરવામાં આવી અને તેણે તે છોકરીઓ સાથે સારો વર્તાવ કર્યો તો કિયામતના દિવસે તે છોકરીઓ તેના માટે આગથી બચવાનું સાધન બનશે.

(મુસ્લિમ શરીફ)

ઈમામ ઝરકશી (રહ.) આઈશા (રદી.) વિશે ફરમાવે છે કે, આપ (સલ.)એ તેણીના સિવાય કોઈ એવી ઔરતોથી નિકાહ નથી કર્યા, જેના માં-બાપ બન્ને મુહાજિર હોય.

હઝરત મસ્રૂફ (રહ.) ફરમાવે છે કે, મેં મોટામાં મોટા સહાબા (રદી.) ને હઝરત આઈશા (રદી.)થી મસ્અલાઓ પૂછતા જોયા છે.

હઝ. ઉરવહ ઈબ્ને ઝુબૈર (રહ.) ફરમાવે છે કે, આઈશા (રદી.)થી વધીને કુર્આન, ફરાઈઝ, હલાલ-હરામ, શેઅર, અરબની કહેવતો અને નસબ વિશે વધારે જાણનારા અને મોટા આલિમ કોઈને ન જોયા.

હઝ. અબૂ ઉમર ઈબ્ને અબુલ બર્ર (રહ.) ફરમાવે છે કે, હઝરત આઈશા (રદી.) પોતાના ઝમાનામાં ત્રણ ઈલ્મો માટે ખાસ ગણાતા હતા. મસાઈલનો ઈલ્મ, ઈલ્મે તિબ્બ અને શેઅરનો ઈલ્મ. ઈમામ ઝોહરી (રહ.) ફરમાવે છે કે, હઝ. આઈશા (રદી.)નો ઈલ્મ અને બીજી બધી આપ (સલ.)ની બીવીઓનો અને પૂરી ઉમ્મતની ઔરતોનો ઈલ્મ ભેગો કરી લેવામાં આવે, તો પણ હઝરત આઈશા (રદી.)નો ઈલ્મ વધી જશે.

હઝ. અતા ઈબ્ને અબી રિયાદ (રહ.) ફરમાવે છે કે, હઝ. આઈશા (રદી.) લોકોમાં સૌથી વધુ મસાઈલ-ના જાણકાર અને સૌથી મોટા આલિમહ અને સૌથી વધારે સારો અભિપ્રાય આપનારા હતા.

હઝરત મિકદાદ ઈબ્ને અસ્વદ

(રદી.) ફરમાવે છે કે, મેં રસૂલુલ્લાહ (સલ.)ના સહાબામાંથી હઝરત આઈશા (રદી.)થી વધીને મસ્અલા અને શેઅરનો ઈલ્મ રાખનાર કોઈને ન જોયા.

બુખારી શરીફની શરહ ફત્હુલ બારીમાં છે કે, હઝ. આઈશા (રદી.) ઘણા મોટા આલિમહ હતા. એટલે સુધી કહેવામાં આવે છે કે, શરીઅત -ના ૧/૪ હુકમો અને મસ્અલાઓ તેમનાથી જ ઉમ્મત સુધી પહોંચ્યા.

હઝ. ઈમામ ઝહબી (રહ.) અલ કાશિફમાં ફરમાવે છે કે, હઝરત આઈશા (રદી.) ઉમ્મતની બધી જ ઔરતોમાં સૌથી વધુ મસ્અલાઓનો ઈલ્મ રાખનાર હતા.

હઝ. ઝરકશી (રહ.) ફરમાવે છે કે, હઝરત ઉમર (રદી.) અને હઝ. અલી (રદી.) ઘણા મસ્અલાઓ હઝ. આઈશા (રદી.)ને પૂછતા હતા.

હઝ. આઈશા (રદી.) ફરમાવે છે કે, રસૂલુલ્લાહ (સલ.)ના ઝમાનામાં કુર્આનની આયતો ઉતરતી હતી, તો અમે તેના હરામ-હલાલ, હુકમ-મનાઈને યાદ કરી લેતા હતા.

(અલ ઈસાબહ ફી તમયીઝિસ્સહાબા)

હઝ. આઈશા (રદી.)એ રિવાયત કરેલી હદીસો :

હઝ. આઈશા (રદી.)એ હુઝૂર (સલ.)થી ૨૨૧૦ હદીસો રિવાયત કરી છે. જેમાંથી બુખારી શરીફ અને મુસ્લિમ શ. બંનેમાં એક જ પ્રકારની ૧૭૪ હદીસો છે અને ફક્ત બુખારી શરીફમાં ૫૪ અને ફક્ત મુસ્લિમ શરીફમાં ૬૯ હદીસો છે. બંને મળીને ૨૯૭ હદીસો છે. જેથી હઝ. આઈશા (રદી.) તે સહાબામાંથી છે, જેઓ સૌથી વધુ હદીસો રિવાયત કરી છે. હદીસો રિવાયત કરવામાં તેણીનો હઝરત અબૂ હુરૈરહ અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદી.) પછી નંબર આવે છે. હઝ. અબૂ હુરૈરહ (રદી.)થી ૫૩૯૪ હદીસો અને હઝ. અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદી.)થી ૨૬૩૮ હદીસો રિવાયત કરવામાં આવી છે. હઝ. અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ તેમજ અબૂ સઈદ ખુદરી (રદી.)થી વધારે હદીસો હઝરત આઈશા (રદી.)એ રિવાયત કરી છે. હઝરત ઈબ્ને અબ્બાસ (રદી.)થી ૧૫૪૦ હદીસો અને હઝરત અબૂ સઈદ ખુદરી (રદી.)થી ૧૧૭૦ હદીસો રિવાયત કરવામાં આવી છે.

આપ (સલ.) ઉપર આક્ષેપ કરનારા પોતાના ઘરની ચિંતા કરે

ગુજરાત યુનિવર્સિટીના હ્યુમન સાયકોલોજી ડિપાર્ટમેન્ટના એમ.એ. સાયકોલોજીના વિદ્યાર્થીઓના એક વર્ષના સંશોધનના પરિણામો વિશે જાણકારી આપતા ડો. જોન સોરીએ જણાવ્યું કે, આ સંશોધન દરમ્યાન બેંકમાં કામ કરતી સ્ત્રીઓ, ટીચરો, નર્સો અને સરકારી વિવિધ ઓફિસો-માં ટાઈપિસ્ટ તરીકે સેવા બજાવતી ૨૧ થી ૫૬ વર્ષ સુધીની સ્ત્રીઓના અનુભવને સામે રાખવામાં આવ્યા છે. કુલ ૩૦૬ સ્ત્રીઓમાંથી ૨૧૫ વિવાહિત હતી, અને ૮૧ ગેર-વિવાહિત હતી. જેમણે દસમા ધોરણથી લઈ એમ.ફીલ. અથવા પી.એચ.ડી. સુધી વિદ્યા પ્રાપ્ત કરેલ હતી. ઉંમરના હિસાબે એમને બે ઝોનમાં વહેંચી હતી. ૨૧ થી ૩૦ વર્ષ સુધીનો પ્રથમ ઝોન અને ૩૧ થી ૫૬ વર્ષ સુધીનો બીજો ઝોન હતો.

ધંધાકિય પ્રવૃત્તિઓવાળી સ્ત્રી-ઓના પ્રશ્નો અને તેના નિરાકરણના વિષયે માંગેલા લેખિત સવાલો-જવાબોના સંશોધનથી આ પરિણામ પ્રાપ્ત થયુ કે ૬૬% સ્ત્રીઓ પોતાના ઉપલા અધિકારી (ઓફિસર)ના શોષણનો ભોગ બની ચૂકી છે. જેમાં ૨૧ થી ૩૦ વર્ષની ઉંમરની ૧૮૮ સ્ત્રીઓમાંથી ૮૦%એ સ્વીકાર્યુ કે, તેમની ઉપલા અધિકારીઓ તેમની સ્ત્રી હોવાનો દુરૂપયોગ કરી યેનકેન પ્રકારે સતામણી કરે છે. ૩૧ થી ૪૦ વર્ષની ઉંમરની સ્ત્રીઓમાંથી ૪૫%નું કહેવુ છે કે, તેમનું શારીરિક શોષણ અને છેડછાડ (છેડતી) થાય છે. પ્રાયવેટ કંપનીઓમાં કામ કરતી ૨૧ થી ૩૦ વર્ષની ૪૩% સ્ત્રીઓને પુરૂષની તુલનામાં ઓછો પગાર મળે છે. જ્યારે કે હોદ્દો અને કામ પુરૂષો જેટલુ જ કરવાનું હોય છે.

સૌથી વધુ અફસોસજનક વાત એ છે કે, ૫૧% નોકરી કરતી સ્ત્રીઓ માનસિક બીમારીઓમાં સપડાયેલ છે. ઘર અને ઓફિસ બન્નેવ તરફથી પૂરતો સહકાર ન મળવાને લઈ તે આ બીમારીઓનો શિકાર બની છે. વધુ

તારણ કાઢવામાં આવે તો ૨૧ થી ૩૦ વર્ષની ઉંમરની સ્ત્રીઓ ૬૩% અને ૩૧ થી ૫૬ વર્ષની સ્ત્રીઓમાં ૪૦% માનસિક રોગી માલૂમ પડી.

(www.patrika.com/news)

યુરોપિય યુનિયન કમીશનની ૨૦૦૬ની રિપોર્ટ પ્રમાણે સમગ્ર યુરોપમાં દર વર્ષે ૧૦% વિવાહિત યુગલો છૂટાછેડા લઈને પોતાના સબંધો તોડી નાંખે છે. સ્ત્રીઓની એક મોટી સંખ્યા પોતાની સ્વતંત્રતા બલ્કે સ્વછંદતા જાળવી રાખવા શાદી અને ત્યાર બાદ છોકરાઓની જંજતમાં પડવા માટે તૈયાર નથી. રિપોર્ટ પ્રમાણે શાદી-વિવાહના દરમાં દર વર્ષે ૭ થી ૯ ટકાનો ઘટાડો થઈ રહ્યો છે. સ્ત્રીઓને પુરૂષોની તુલનામાં કલાકના દરે ૧૫% પગાર ઓછો મળે છે. દરેક પાંચ સ્ત્રીમાંથી એકને પુરૂષોની મારપીટ વેઠવી પડે છે. યુરોપિય કમીશનના જણાવ્યા પ્રમાણે ૪૦ થી ૫૦ ટકા સ્ત્રીઓને કામકાજ-નોકરી દરમ્યાન પોતાની ઓફિસોમાં જાતિય સતામણી વેઠવી પડે છે.

વિશ્વ સંસ્થાના બાળ વિભાગના રિપોર્ટ પ્રમાણે યુરોપમાં દર વર્ષે દસ લાખ બાળકોને (જેમાં વધુ સંખ્યા બાળકીઓની હોય છે) જાતિય શોષણ માટે વેચી દેવામાં આવે છે. એ જ પ્રમાણે ૩૦ ટકા સ્ત્રીઓને પોતાના જીવનમાં ઓછામાં ઓછા એક વખતે જાતિય શોષણનો શિકાર બનાવવામાં આવે છે.

અમેરિકી ન્યાય મંત્રાલય પ્રમાણે દર બે મિનીટે એક અમેરિકી સ્ત્રી સાથે જાતિય સતામણી થાય છે. વર્ષે ચાર લાખથી પાંચ લાખ જાતિય શોષણના કેસો દાખલ કરવામાં આવે છે. એનાથી બે ઘણી સંખ્યા તે સ્ત્રી-ઓની છે, જે પોલિસ કેસ કરવાથી સંકોચ અનુભવે છે. એટલે કે અમેરિકામાં વાર્ષિક ૧૨ થી ૧૫ લાખ સ્ત્રીઓની ઈઝઝત લૂંટાઈ છે. અફસોસ એ વાતનો છે કે, આ સ્ત્રી-ઓમાં દર ૬ માંથી એક છોકરીની ઉંમર ૧૨ વર્ષ અથવા તેનાથી પણ ઓછી હોય છે.

કેનેડામાં સ્ત્રીઓની જાતિય શોષણનો કાયદેસર રેકોર્ડ તો મૌજૂદ નથી, પરંતુ વિવિધ સંસ્થાઓનું કહેવું છે કે, કેનેડામાં સ્ત્રીઓની જાતિય શોષણનો દર અમેરિકાથી અઢી ટકા

વધારે છે. એટલે કે અમેરિકામાં વાર્ષિક દસ લાખ શોષણ થાય છે, તો કેનેડામાં તેનો દર સાડા બાર લાખ સુધી પહોંચે છે.

એમનેસ્ટી ઈન્ટરનેશનલના રિપોર્ટ પ્રમાણે અમેરિકામાં તલાકનો દર પ્રતિવર્ષ દસ ટકા વધારા સાથે નોંધાયો છે.

અમેરિકન ફૌજના મેડીકલ સેન્ટર ૨૦૦૩ ઈ.સ.ની એક ઈન્ક-વાયરીથી માલૂમ પડે છે કે, ૫૫૮ સ્ત્રી ફૌજીઓમાંથી ૨૮ ટકા સ્ત્રી-ઓએ બતાવ્યું કે, ફૌજી નોકરી દરમ્યાન તેમની ઈઝઝત લૂંટાઈ ગઈ અથવા તેની કોશિશો કરવામાં આવી. આ તો તે સ્ત્રીઓની ટકાવારી છે, જેમણે જાતિય સતામણી વિરૂદ્ધ મોઢું ખોલ્યું. પેન્ટાગોનનો ઈ.સ. ૧૯૮૮ નો સર્વે દર્શાવે છે કે ફૌજમાં પુરૂષોની સતામણીનો ભોગ બનેલ નેવું ટકા સ્ત્રીઓ અમુક કારણોસર અધિકારી-ઓને પોતાની મઝલૂમીની દાસ્તાનનું વર્ણન કરી શકતી નથી.

અમેરિકાની સરકારી ઓફિસોમાં કામ કરતી મહિલાઓ વિશેના ૧૯૮૧ થી ૧૯૮૫ સુધીના સર્વેમાં જણાવ્યું છે કે, ત્યાંની કેન્દ્ર સરકારના વિવિધ ડિપાર્ટમેન્ટમાં કામ કરતી ૪૨ ટકા મહિલાઓને સતાવવામાં આવી. અને સ્ટેટ ગવર્મેન્ટની વિવિધ શાખાઓમાં નોકરી કરતી ૭૦% મહિલાઓની શારીરિક સતામણી એમના માટે રોજીંદો અનુભવ થઈ ચૂકયો છે.

(ઈન્ડિયન એક્ષપ્રેસ, ૩ ઓગષ્ટ ૧૯૮૬)

એક અમેરિકી કમીશને અમેરિકા-માં વધતી જતી શારીરિક સતામણી અને બળાત્કારનું કારણ ત્યાં સ્ત્રી-ઓના અંગોનું નગ્ન પ્રદર્શન બતાવી તેના પર પાબંદીની માંગણી કરી છે.

(ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, ૧૧ જુલાઈ ૧૯૮૬)

યુરોપમાં તલાકો (છૂટાછેડા)નું પ્રમાણ વધી રહ્યું છે. ફ્રાન્સમાં તલાકનું પ્રમાણ ૫૦%, કેનેડામાં ૪૦% અને અમેરિકામાં ૫૦% છે. અમેરિકાની ૧૦ મહિલાઓમાંથી છ મહિલાઓ છૂટાછેડાનો અનુભવ કરી ચૂકી છે.

(The Plain Truth, May 1987)

ઈન્સાયકલોપિડિયા ઓફ બ્રિટાનિકામાં લખ્યું છે કે, જગતના વધુ ઉદ્યોગો ધરાવતા દેશોમાં છૂટા-છેડાનું પ્રમાણ ઘણુ વધ્યું છે. તેનું

કારણ સ્ત્રીઓનું આર્થિક રીતે પગભર અને સ્વાવલંબી હોવું છે. *(Vol. III P.586)* એક અંદાજ પ્રમાણે અમેરિકામાં દર અઢાર સેકન્ડે એક સ્ત્રીની તેના ધણી અથવા બોયફ્રેન્ડના હાથે મારપીટ થાય છે. તેમાંથી એક લાખથી વધુ સ્ત્રીઓને ડોકટરી મદદની જરૂરત પડે છે. એક દિવસ -માં અંદાજે ચાર સ્ત્રીઓ મરણ પામે છે. *(રીડર ડાયજેસ્ટ, માર્ચ ૧૯૮૭)*

જે પરિબળોએ સ્ત્રીઓની પ્રગતિ -ના નામે તેઓને ચોવીસ કલાક કામે લગાડી દીધી છે, તેઓ જ વાસ્તવમાં સૌથી મોટા અત્યાચારી છે. નહીંતર શરીઅતે તો ન્યાયપૂર્વક બન્નેના કાર્ય-ક્ષેત્રો જુદા જુદા જ રાખ્યા છે. અને તેને ધ્યાનમાં રાખીને જ ઇસ્લામે પારિવારિક તથા સામાજિક કાનૂનો ઘડયા છે. તેમજ સ્ત્રી સાથે સદ્-વર્તાવને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. આનાથી મોટી વાત કઈ હશે કે, પૈગમ્બર (સલ.)એ પોતાના વિદાય પ્રવચનમાં તથા પોતાની અંતિમ વસિયતમાં સ્ત્રીઓ સાથે સદ્વર્તાવ પર વિશેષ ભાર મૂકયો. જે કોઈએ પ્રાચીન તથા અર્વાચિન સભ્યતાઓ વિષયક સ્ત્રી પુરૂષ વચ્ચે આ જુદા જુદા કાર્યક્ષેત્રની અવગણના કરી છે, તેમણે સ્ત્રી પુરૂષો, બન્ને ઉપર જુલ્મ કર્યો છે. વિજ્ઞાન જેટલી પ્રગતિ કરશે, અને હકીકતોથી પડદાઓ ઉંચકશે, તેટલી જ ઇસ્લામ પ્રત્યે ગલતફહ્મી દૂર થશે, અને અસત્યતાનો દુષ્પ્રચાર અર્થહીન થઈ જશે, ઈન્શાઅલ્લાહ.

વિવિધ પ્રકારે સ્ત્રીઓનું શોષણ :

સ્ત્રીઓના શોષણ વિશે નેશનલ વુમન કમિશનની એક રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે કે, ભારતના ૬૧૨ જીલ્લાઓમાંથી ૩૭૮ જીલ્લા-ઓમાં ૧૧૭૯૪ જગ્યાઓ એવી છે, જ્યાં લોહીનો વ્યાપાર (વેશ્યાવૃત્તિ) થાય છે. ૧૦૧૬ જગ્યાઓ એવી છે, જ્યાં વેશ્યાવૃત્તિ રીતસર એક ધંધા તરીકે કરવામાં આવે છે.

રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે કે, કેરળ, આંધ્રપ્રદેશ અને પશ્ચિમ બંગાળ એવા રાજ્યો છે કે, જ્યાં લગભગ બધા જ જીલ્લાઓમાં શરીર વેચવાનું આ કાર્ય થાય છે. આશ્ચર્ય-જનક વાત એ છે કે, કેરળ કે જ્યાં શિક્ષણનો દર સૌથી વધારે છે, ત્યાં પણ શિક્ષિત યુવતીઓ બહુ ખરાબ રીતે વેશ્યાવૃત્તિની ગંદકીમાં સપડા

-યેલી છે. જરા વિચાર કરો ! ક્યાં પહોંચી ચૂક્યો છે આપણો ભારતીય સમાજ ?

ભારતમાં દર ૨૬ મિનિટે એક છોકરી સાથે જાતિય સતામણી થાય છે. દર ૫૧ મિનિટે એક છેડતી થાય છે. આ આંકડા "ધ સ્ટેટ ઓફ વર્લ્ડ પોપ્યુલેશન"ના અહેવાલમાં જાહેર કરવામાં આવ્યા છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (એન.સી.આર.બી)ના ૨૦૧૧ના આંકડા પ્રમાણે ભારતમાં દર ત્રેવીસ મિનિટે એક બળાત્કાર થાય છે. **N.C.R.B.**નો અહેવાલ કહે છે કે, ૨૦૦૨માં ભારતમાં દર ૫૪ મિનિટે બળાત્કારનો એક બનાવ નોંધાતો હતો. આ આંકડાઓ દેખાડે છે કે, છેલ્લા દસ વર્ષમાં દેશે આર્થિક ક્ષેત્રે ભલે વિકાસ કર્યો હોય, પરંતુ સામાજિક ક્ષેત્રે રકાસ થયો છે.

વિશ્વમાં બળાત્કારના બનાવો જ્યાં સૌથી વધુ બનતા હોય એવા દેશોની યાદીમાં ભારત ત્રીજા ક્રમે આવે છે. અમેરિકામાં દર ૪૫ સેકન્ડે એક સ્ત્રી જાતિય સતામણીનો ભોગ બને છે. રેપ કેસની બાબતમાં અમેરિકાનું ચિત્ર ભારત કરતાં પણ વરવું છે. જો કે એમાં કંઈ ગૌરવ લેવાની વાત નથી.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના અહેવાલ મુજબ ૨૦૧૧માં ભારતમાં બળાત્કારના ૨૩,૫૮૨ કેસ નોંધાયા હતા. અમેરિકામાં દર વર્ષે સરેરાશ ૮૯,૦૦૦ બળાત્કારના બનાવો નોંધાય છે. અમેરિકામાં થયેલા એક સર્વેક્ષણ પ્રમાણે ૬૦ ટકા જેટલા રેપના બનાવો પોલીસના ચોપડે નોંધાતા નથી.

પશ્ચિમના લોકો પોતાને બહુ સુધરેલા અને મોર્ડન માનતા હોય છે અને અશ્વેત લોકોને ગંદા, અસભ્ય અને જંગલી ગણીને તેમના પ્રત્યે ઘૃણા સેવતા હોય છે. પરંતુ વસ્તીની દૃષ્ટિએ સૌથી વધુ બળાત્કાર થતા હોય એવા રાષ્ટ્રોની યાદીમાં યુ.કે. (ઈંગ્લેન્ડ) અને અમેરિકા બન્ને ટોપ ટેનમાં આવે છે. જ્યાં બળાત્કારના બનાવો સૌથી ઓછા બનતા હોય એવા દેશોમાં ઈજીપ્ત સૌથી અવ્વલ છે. ત્યાં દર દસ લાખની વસ્તીએ વર્ષમાં માંડ એક રેપ કેસ બને છે.

(ગુજરાત સમાચાર દૈનિક, તા.૨૨-૧૨-૧૨)

ઈસ્લામે ૧૬ વર્ષની વયના

છોકરાને શરઈ પુખ્ત ગણી તેના લગ્નની પરવાનગી આપી છે, પરંતુ ભારતના કાયદાઓ પ્રમાણે તે ૨૧ વર્ષનો અને છોકરી ૧૮ વર્ષની થાય ત્યારે જ લગ્નની પરવાનગી મળે છે. તેના કારણે ગુનાહો કરી તે બાળક હોવાના લઈ છૂટી જાય છે. દિવ્ય ભાસ્કરનો નીચેનો લેખ કાયદામાં સુધારાને અનિવાર્ય ગણી ઈસ્લામી કાયદાનું સમર્થન કરે છે.

આજના પ્રસાર માધ્યમોની અસર અને સામાજિક કારણોને લીધે ૧૪ થી ૧૬ વર્ષના કિશોરો પુખ્ત બની રહ્યા છે, પણ આપણા જરીપુરાણા કાયદાઓ તેમને બાળક ગણતા હોવાથી સમાજમાં વિસંવાદિતા પેદા થઈ રહી છે. તાજેતરમાં દિલ્હીમાં જે યુવતી ગેંગરેપનો ભોગ બની તેની ઉપર ત્રાટકનારા પુરૂષોમાં એક સાડા સત્તર વર્ષના તરુણનો પણ સમાવેશ થતો હતો. જુવેનાઈલ જસ્ટિસ એક્ટ મુજબ વધુમાં વધુ સજા ત્રણ વર્ષની જ થઈ શકે છે. વળી "બાળ ગુનેહ-ગાર"ને જેલમાં રાખવાને બદલે બાળ સુધાર ગૃહમાં રાખવામાં આવે છે. આ ત્રણ વર્ષ દરમિયાન જો તે પુખ્ત બની જાય, તો તેને મુક્ત કરી દેવામાં આવે છે. આપણા ફોજદારી કાયદા મુજબ ૧૭ વર્ષના તરુણને બાળક ગણવામાં આવતો હોવાથી તે ફાંસીની સજાથી તો બચી જશે, પછી ગણત્રીના મહિનાઓમાં સુધારગૃહમાંથી બહાર પણ આવી જશે.

નેશનલ ક્રાઈમ રેકોર્ડસ બ્યૂરોના આંકડાઓ મુજબ બાળકો દ્વારાત્ જેટલા ગુનાઓ આચરવામાં આવે છે, તેમાંના ૬૪ ટકા ગુનાઓ ૧૬-૧૮ની વયજૂથમાં રહેલા બાળકો દ્વારા આચરવામાં આવે છે. ઈ.સ. ૨૦૧૧માં દેશમાં કુલ ૩૩,૮૮૭ બાળ ગુનેગારોની ધરપકડ કરવામાં આવી હતી. તેમાંના ૧૨૧૧ બાળકો ૭-૧૨ની વયજૂથના હતા. ૧૨-૧૬ ની વયજૂથના બીજા ૧૧,૦૧૯ બાળકો હતા અને સૌથી વધુ ૨૧,૬૫૭ બાળ ગુનેહગારો ૧૬-૧૮ની વયજૂથના હતા. આંકડાઓ એમ કહે છે કે, "બાળકો" દ્વારા આચરવામાં આવતી રેપની ઘટના-ઓમાં ૧૮૮ ટકાનો ઉછાળો આવ્યો છે. ૧૬-૧૮ની વયજૂથના બાળકો દ્વારા અન્ય ગુનાઓ વધી રહ્યા છે.

જુવેનાઈલ જસ્ટિસ એક્ટમાં

ફેરફાર કરીને ૧૬ વર્ષના તરુણને 'પુખ્ત' જાહેર કરી દેવાથી સમસ્યાનો અંત આવવાનો નથી. વર્તમાન કાયદા-ઓ મુજબ જો કોઈ ૧૮ વર્ષનો પુરૂષ ૧૬ વર્ષની કન્યા સાથે ભાગીને લગ્ન કરે તો તેની ઉપર દુષ્કર્મનો તેમજ અપહરણનો ગુનો દાખલ કરવામાં આવે છે. ૧૬ વર્ષની કન્યા જો પોતાની મરજીથી આ પુરૂષની પત્ની બની હોય તો પણ કાયદો તેને માન્યતા આપતો નથી અને તેમના સબંધો "દુષ્કર્મ" જ ગણાય છે.

૧૬-૧૮ની વયજૂથની કોઈ સગીર કન્યા પોતાની મરજીથી પોતાના પ્રેમી સાથે ભાગી જાય છે, ત્યારે આ સબંધને મંજૂર ન કરનારા કન્યાના સબંધીઓ પુરૂષ સામે અપહરણનો અને દુષ્કર્મનો કેસ કરે છે. કારણ કે ૧૬ વર્ષની કન્યાને નાદાન માનવામાં આવે છે અને તેની સંમતિથી બાંધવામાં આવેલા શારીરિક સબંધને પણ "દુષ્કર્મ" માનવામાં આવે છે. આ કન્યા ૧૮ વર્ષની ઉંમર વિતાવી જાય અને બાળકની માતા બને તે પછી પણ તેનો પતિ જેલમાં સબડ્યા કરે છે. જો ૧૬ વર્ષની કન્યાને પોતાની મરજીથી પરણવાની અને પોતાના પતિ સાથે જાતીય સબંધો બાંધવાની છૂટ આપવામાં આવે, તો આ પ્રકારના દુષ્કર્મના હજારો કિસ્સાઓ ઘટી જાય તેમ છે. *(દિવ્ય ભાસ્કર : ૬-૧-૧૩)*

ભૂતપૂર્વ સોવિયેત યુનિયનના છેલ્લા પ્રમુખ ગોર્બાચેવ હવે વિશ્વના રાજકીય ચિત્રપટ પર લગભગ ગાયબ થઈ ગયા છે, પરંતુ તેમની કૃતિ "Perestroika" જે તેમણે પોતાના શાસનકાળ દરમિયાન લખી હતી, તે માત્ર સોવિયેત યુનિયન જ નહીં, બલ્કે આખા પશ્ચિમના સામાજિક તથા આર્થિક વ્યવસ્થાની એક હિંમતભરી સમીક્ષાની હેસિયત ધરાવે છે. તે કૃતિમાં તેમણે સ્ત્રીઓ અને કુટુંબ (Women & Family)ના શિર્ષકથી તૂટતા કુટુંબો વિશે પણ ચર્ચા કરી છે. તેમણે શરૂમાં લખ્યું છે કે, સ્ત્રી સ્વાતંત્ર્ય ઝુંબેશનું એ પાસું તો નિઃશંક વખાણવા લાયક છે કે, તેના વડે સ્ત્રીઓને પુરૂષો સમાન અધિકારો મળ્યા. સ્ત્રીઓ જીવનના દરેક ક્ષેત્રોમાં પુરૂષોના ખભેખભા મિલાવી કામ કરવા સક્ષમ બની, પરંતુ તેઓ

આગળ લખે છે :

"પરંતુ આપણા મુશ્કેલ તથા હિંમતભર્યા ઈતિહાસના પાછલા વર્ષોમાં આપણે સ્ત્રીઓના તે અધિકારો તથા જરૂરિયાત પ્રતિ ધ્યાન આપવામાં નિષ્ફળ નિવડ્યા, જે એક માતા તથા ગૃહિણીની હેસિયતથી તેમજ બાળકોના ઉછેરની બાબતમાં તેણીઓની અનિવાર્ય ભૂમિકાથી ઉભી થાય છે. સ્ત્રીઓ વૈજ્ઞાનિક સંશોધનમાં વ્યસ્ત થઈ ગઈ, તથા નિર્માણાધીન ઈમારતોની દેખરેખમાં ઉત્પાદન કામો તથા સેવાઓમાં અને બીજી સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહી. એ કારણે તેણીઓને એટલો સમય ન મળ્યો કે તે ઘરના રોજીંદા કાર્યો કરી શકે, બાળકોનો ઉછેર કરી શકે અને એક સારૂ પારિવારિક વાતાવરણ સર્જી શકે."

આપણને આ વાસ્તવિકતા હવે જાણવા મળી છે કે, આપણી ઘણી બધી સમસ્યાઓ જે બાળકો અને યુવાનોની વર્તણૂંક સાથે આપણી નીતિરીતિ તથા ઉત્પાદન કાર્યો સાથે સબંધ ધરાવે છે એ કારણે પણ ઉભી થઈ છે કે, કૌટુંબિક સબંધોની પકડ ઢીલી પડી ગઈ છે અને પારિવારિક જવાબદારીઓ વિશે એક બેજવાબદાર વર્તન વિકસી રહ્યું છે. આપણે સ્ત્રીઓને દરેક મામલામાં પુરૂષ સમોવડી ઠરાવવાની જે નિષ્ઠા-પૂર્ણ તથા રાજકીય રીતે યોગ્ય ઈચ્છા કરી હતી, આ પરિસ્થિતિ તેનું વિરોધાભાસી પરિણામ છે. પરંતુ હવે આવનારા યુગમાં અમે આ ભૂલ સુધારવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. આ જ કારણ છે કે અમે પ્રેસમાં, સામાજિક સંસ્થાઓમાં, કામના સ્થળોએ બલ્કે ડ્રોઈંગ રૂમમાં પણ એવી ગરમાગરમ ચર્ચાઓ યોજી રહ્યા છે, જેમાં એ પ્રશ્ન પર બહસ કરવામાં આવી રહી છે કે, સ્ત્રીને તેના શુદ્ધ નારીત્વલક્ષી અભિયાન તરફ પાછી લાવવા માટે કયા પગલાં ભરવા જોઈએ.

(Perestroika, p.117, ed.1987)

પયગામે રહમત ના ગ્રાહક બની-બનાવી દીનના કામમાં સહકાર આપો. Contact 99040 47803

બહુપત્નીત્વ

વિજ્ઞાન તથા સમાજશાસ્ત્રની રોશનીમાં

એમ તો બહુપત્નીત્વનો રિવાજ આખા માનવ ઈતિહાસમાં પ્રવર્તતો રહ્યો છે. હઝ.ઈબ્રાહીમ (અબ્રાહમ), હઝરત યઅ્કૂબ (જેકોબ), હઝરત દાઉદ (ડેવિડ), હઝરત સુલયમાન (સોલોમન) અલયહિમુસ્સલામ વગેરે જેવા પયગમ્બરોએ રાજવીઓ અને શાસકોએ તેમજ પૂર્વ તથા પશ્ચિમના સામાન્ય લોકોએ અગાઉના યુગોમાં પણ ચાલુ જમાનામાં પણ એના પર અમલ કર્યો છે. આજે પણ પૂર્વ તેમજ પશ્ચિમના મુસ્લિમો તથા ગેરમુસ્લિમો બન્ને એના પર વિવિધ રૂપોમાં ક્યાંક કાયદેસર રીતે તો ક્યાંક ગેરકાયદે અને પાખંડીપણે, કદીક છૂપાવીને તો ક્યારેક જાહેરમાં અમલ કરી જ રહ્યા છે. એ શોધી કાઢવા માટે ઝાઝી તપાસ કરવી પડે તેમ નથી કે, ક્યાં અને કેવી રીતે કેટલાયે પરણેલા લોકો ખાનગી રખાતો રાખે છે. પોતાની મહબૂબાઓની પાસે આવ-જા કરે છે અને પારકી ઔરતો સાથે હરતા-ફરતા રહે છે. અને તેમ છતાં સામાન્ય કાનૂન હેઠળ સુરક્ષિત જ રહે છે. સદાચારીઓ એને પસંદ કરે કે ન કરે, તો પણ એ મુદ્દો કાયમ જ રહે છે કે, એક પુરૂષનો એકથી વધુ ઔરતો સાથેનો સંપર્ક અમલમાં છે, અને એ પ્રત્યેક ઠેકાણે જોઈ શકાય છે, અને એ ઈતિહાસના દરેક યુગમાં દેખા દે છે.

બાઈબલના ઉતરાણ સમયે બહુપત્નીત્વ સર્વસામાન્ય રીતે સ્વીકારાયેલ વસ્તુ હતી. અને એના પર સામાન્ય રીતે અમલ થતો હતો. એનો સ્વીકાર ધાર્મિક, સામાજિક અને નૈતિક રીતે થતો હતો. અને એની સામે કંઈ વાંધો ઉઠાવવામાં આવતો ન હતો. શાયદ એ જ કારણસર સ્વયં બાઈબલે એ વાતની ચર્ચા નથી કરી. કારણ કે એ એક સામાન્ય વાત અને રોજિંદા વ્યવહારની વસ્તુ હતી. બાઈબલ ન તો એને મના કરે છે કે, ન તો અટકાવે છે કે, ન એને નિયમિત કરે છે. કેટલાક લોકોએ તો બાઈબલ-ની દસ કુમારિકાઓવાળી વાતનું

એવું પણ અર્થકરણ કર્યું છે કે, બાઈબલ એક સાથે દસ પત્નીઓ રાખવાની મંજૂરી આપે છે.

યુરોપ અને બહુપત્નિત્વ :

ખુલ્લી વાત છે કે, પ્રત્યેક ધર્મએ પોતપોતાના યુગમાં બહુપત્નીત્વના નિયમને માન્ય રાખ્યો છે. કારણ કે બહુપત્નીત્વ એક સ્વાભાવિક અને પ્રાકૃતિક નિયમ છે. એના માટે 'ઈન્સાયક્લોપિડિયા બ્રિટાનિકા'માં પોલીગામી અર્થાત્ બહુપત્નીત્વ અંગેનો લેખ વાંચવો જોઈએ.

યુરોપવાદીઓ અને તેમના અનુયાયીઓના નજદીક પ્રકૃતિથી મુરાદ પશુઓની પ્રકૃતિ હોય છે. તેઓ પ્રાણીઓના જીવનનું ઉંડું અને વિસ્તૃત અવલોકન કરે છે. અને તેઓની આ માન્યતા હોય છે કે, 'પશુઓની પ્રકૃતિ' એક પત્નીત્વની છે. અને પછી તે પ્રકૃતિને દલીલ તરીકે પેશ કરે છે. પરંતુ પશુ જાતિના અભ્યાસી અને અનુભવી નિષ્ણાંતો -ની એ માન્યતા નથી.

જેમકે 'માનવવિદ્યા'ના પ્રખ્યાત નિષ્ણાંત **'લેટોરીનો'**એ પોતાની વિખ્યાત કૃતિ **"Evolatoon of Marriage & Tanilis"** એટલે કે "દાંપત્ય સબંધ અને ખાનદાનની પ્રગતિ"માં ૨૦ થી ૩૬ માં પેજ સુધી જે ચર્ચા કરી છે, તે ઉપરથી ફલિત થાય છે કે :

- પ્રાણીઓમાં એક પત્નીત્વ તથા બહુપત્નીત્વ બંનેનો રિવાજ છે.
- જે પ્રાણીઓ સોશ્યલ છે અને હળીમળીને રહે છે, તેમનામાં બહુ-પત્નીત્વની પ્રથા સામાન્ય છે.
- જે પ્રાણીઓ માનવોને મળતા છે અથવા માનવ નજીક છે, તેમનામાં બહુપત્નીત્વનો પણ રિવાજ છે અને એકપત્નીત્વનો પણ. પરંતુ તેઓમાં અમુક જાતિઓ માત્ર બહુપત્નીત્વથી ટેવાયેલી છે. પરંતુ ઈસ્લામ માનવ પ્રકરણમાં પાશવી પ્રકૃતિને નહીં, પણ માનવ પ્રકૃતિને જ મહત્વતા આપે છે. જેથી એ વિશે લાંબી ચર્ચા કરતા નથી.

ડોક્ટર રોમલેન્ડ સ્પષ્ટ શબ્દોમાં સ્વીકારે છે કે, "એક અપૂર્ણ દુન્યા જેમાં આપણે રહીએ છીએ, બહુ-પત્નીત્વને સ્વાભાવિક રીતે જાઈઝ સ્વીકારવું પડશે. બહુપત્નીત્વનો સંપૂર્ણપણે અંત લાવવા માટે આપણે સૌ પ્રથમ પૂરી સંસ્કૃતિના કિરદાર

(કામગીરી)ને બદલવો પડશે, પછી પુરૂષની પ્રકૃતિને અને સૌથી છેવટમાં ખુદ પ્રકૃતિને બદલવી પડશે."

ઈન્સાયક્લોપિડિયામાં એક પત્નીત્વ બાબતે ચર્ચા :

ઈન્સાયક્લોપિડિયા ભાગ-૧૪માં "એક પત્નીત્વ"ના શિર્ષક હેઠળના એક લાંબા ઉતારાનો ખુલાસો બહુપત્નીત્વના લેખક સય્યિદ હામિદ અલીએ નીચે મુજબ લખ્યો છે :

● છેવટે તે સમય આવ્યો કે જ્યારે યુરોપમાં બહુપત્નીત્વને મના ઠરાવવામાં આવ્યું અને એક પત્નીત્વનો કાયદો બનાવી દેવામાં આવ્યો.

● એ એકપત્નીત્વ દેખાવ પૂરતું હતું. પશ્ચિમી દેશોના રીત-રિવાજોએ એ કાયદા વિરૂદ્ધ સક્રિય બળવો પોકારી દીધો. વેશ્યાઓ સાથે મિત્રતા, વ્યભિચાર અને સ્વતંત્ર જાતિય સબંધોના સામાન્ય રિવાજે એકપત્નીત્વના કાયદાના ટુકડે ટુકડા કરી નાંખ્યા ! અંતે કાયદાને રસ્મો-રિવાજની સામે ઝૂકવું પડ્યું અને વેશ્યાઓ સાથે મિત્રતા તથા સ્વતંત્ર જાતિય સબંધોને સામાન્ય રીતે સહન કરી લેવામાં આવ્યા અને રખાત રાખવાના તરીકાને ઘણા દેશોમાં કાયદાનું સ્થાન પ્રાપ્ત થઈ ગયું.

● આ પરિસ્થિતિએ સોસાયટી (સમાજ)ની પવિત્રતાને લૂંટી લીધી અને તેને નિરાધાર હરામી બાળકોની ભારે ફોજની ભેટ આપી. એ ભેટ સોસાયટીને માટે માથાનો દુઃખાવો બની ગઈ છે. અને તેનાથી અગણિત ગૂંચવણભર્યા પ્રશ્નો ઉત્પન્ન થઈ રહ્યા છે.

● આ પ્રકારના બહુપત્નીત્વના વલણો આજે પણ મૌજૂદ છે અને એવા સમાજો તથા એવા વર્ગોમાં મૌજુદ છે, જે સૌથી વિશિષ્ઠ અને સૌથી સંસ્કારી ગણાય છે. એ વલણો તે સમાજોની મોટા ભાગની વ્યક્તિ-ઓમાં જોવામાં આવે છે. અને એટલી તિવ્રતાપૂર્વક જોવામાં આવે છે કે, તેમને રોકવું તેમના માટે મુશ્કેલ બની રહ્યું છે અને પ્રત્યેક જોવાવાળો તેમના દશ્યોને ખુલ્લી આંખે જોઈ શકે છે.

● એકપત્નીત્વનો કાયદો જો કે આદર્શ છે, પરંતુ માનવજાતિની જરૂરિયાત અનુસાર નથી. સાચી હકીકતને આઈડિયલને માટે કુરબાન

કરી દેવી અને માનવપ્રકૃતિ તથા તેની માંગણીઓને લક્ષમાં લીધા વગર કાયદા ઘડવા કેવળ મૂર્ખાઈ છે.

● સમય આવી લાગ્યો છે કે, આપણે પોતાની ભૂલોને સમજીએ અને એકથી વધારે સ્ત્રીઓ સાથેના સબંધોને કાયદાની રૂએ જાઈઝ અને સાચા સ્વીકારી લઈએ.

એ પ્રકારના પ્રમાણો અને દૃષ્ટાંતો તથા એ જ પ્રકારના પ્રશ્નોને અનુલક્ષીને **'ડો. રૂમલેન્ડુ'**એ કહ્યું છે કે, "ઈતિહાસ અને સાયન્સે પ્રાપ્ત કરેલી સઘળી ગવાહીઓથી આ વાત આવશ્યક બની જાય છે કે, બહુ-પત્નીત્વને વધારે પ્રમાણિકતાથી સ્વીકારી લેવામાં આવે."

● સારાંશ કે, એકપત્નીત્વની સિસ્ટમ અનિવાર્ય રીતે બહુપત્નીત્વ (અહીં એનો મતલબ વ્યભિચાર એટલે અનેક રખાતો સાથે સમાગમ થાય છે)ને જન્મ આપે છે.

● ખ્રિસ્તીઓના દેશોમાં જયાં એકપત્નીત્વનો તરીકો કાયદાની રૂએ પ્રચલિત છે, ત્યાં બહુપત્નીત્વનો રિવાજ દુન્યાના સઘળા દેશોથી વધારે છે. આ જ વાત છે કે, તે બહુપત્નીત્વ અસ્વાભાવિક અને બનાવટી સ્વરૂપમાં છે. એટલે કે રખાતોના સ્વરૂપોમાં. અને તેને એક સીસ્ટમની હેસિયતથી કાયદેસર સ્વીકારવામાં આવે તેમ નથી.

● બહુપત્નીત્વને કાયદેસર નહીં સ્વીકારવાનો મતલબ એ છે કે, સ્ત્રી સાથે અન્યાય થાય, પુરૂષ તેમનાથી (રખાતોથી) મોજ તો માણે, પરંતુ તેણીની તથા તેના બચ્ચાંઓની જવાબદારી લે નહીં, એ ખુલ્લો ઝુલ્મ છે. ખ્રિસ્તી યુરોપમાં એ ઝુલ્મ ખુલ્લમ -ખુલ્લા સ્પષ્ટપણે થઈ રહ્યો છે.

યુરોપિય ચિંતકો અને વિચારકો ઉપરાંત યુરોપના જાતિય વિષયોના માનસશાસ્ત્રીઓ તથા અનુભવી નિષ્ણાંતોના મંતવ્યો જાણ્યા પછી આવી સંભવિતતા સ્પષ્ટપણે સામે આવે છે કે, બહુપત્નીત્વનું વલણ અને રૂચિ એક સ્વાભાવિક રૂચિ છે. એટલી બધી સ્વાભાવિક કે પ્રત્યેક યુગમાં, પ્રત્યેક કૌમમાં અને દરેક સંસ્કૃતિમાં તે મૌજૂદ રહી છે. બહુ-પત્નીત્વની કાયદાથી મનાઈ કરવા છતાં તે એ રૂચિ અને વલણનો અંત લાવી શકી નથી. ઉલ્ટું એ મનાઈથી

તેમાં વધારો જ થયો છે.

વળી, આ વાત પણ સ્પષ્ટ થઈ ગઈ છે કે, સામાજિક અને નૈતિક હિતો પણ બહુપત્નીત્વની છૂટ આપવાની જ તરફદારીમાં છે. અને એ જ કારણે અકલમંદીની વાત આ છે કે, બહુપત્નીત્વના તરીકાને અમુક શરતો અને મર્યાદાઓ સહિત કાયદાની રૂએ જાઈઝ સ્વીકારી લેવામાં આવે અને સોસાયટી (સમાજ)ને પ્રચલિત બહુપત્નીત્વની અપ્રાકૃતિક, અસ્વાભાવિક અને અનૈતિક રીતો અને પધ્ધતિઓથી મુક્તિ અપાવવામાં આવે.

સ્વાભાવિક રીતે પુરૂષો અને સ્ત્રીઓ સમાન સંખ્યામાં પેદા થાય છે, પરંતુ અમુક કારણોસર, જેવા કે યુદ્ધો અને રમખાણોને પરિણામે ઘણી વખતે પુરૂષોની સંખ્યા ઘટી જાય છે અને સ્ત્રીઓની સંખ્યા વધી જાય છે. વળી, એક બીજું કારણ આ પણ શક્ય છે કે, રોઝી કમાવા તથા રાજકીય કારણોને આધિન પુરૂષો બીજા વિભાગો અથવા દેશોમાં જતા રહે છે અને એ રીતે કોઈ એક ખાસ વિભાગ -માં સ્ત્રીઓનું પ્રમાણ વધી જાય છે.

સ્ત્રીઓની સંખ્યાનું વધી જવું એક એવો પ્રશ્ન છે કે, જે કૌમોને માટે પરેશાની ઉપજાવનારો છે. એક તરફ સ્ત્રીઓને માટે રહેવાની જગ્યા તથા રોઝી-રોટી પ્રાપ્ત કરવાનો પ્રશ્ન હોય છે, તો બીજી તરફ તેણીઓની જાતિય મનેચ્છાઓના નૈતિક સાંત્વનનો પ્રશ્ન હોય છે. સાથે જ આ ચિંતા પણ પરેશાન કરનારી પુરવાર થાય છે કે, સમાજના પુરૂષોના ચારિત્ર્યનું રક્ષણ કેવી રીતે કરવામાં આવે ? કારણ કે સમાજમાં જ્યારે અનૈતિકતા-બદ-અખ્લાકી જન્મે છે, તો તે સબંધિત વ્યક્તિઓ સુધી મર્યાદિત નથી રહેતી. જો સમયસર પ્રતિબંધ કરવામાં ન આવે, તો તે પૂરા સમાજમાં પ્રસરી તેને પોતાની લપેટમાં લઈ નાંખે છે.

વળી, તે ઉપરાંત હરામી બચ્ચાં-ઓના ટોળાં, પોતાની સાથે અગણિત નૈતિક લંપટતા અને સામાજિક અરાજકતા વગેરે ગૂંચવાયેલા આ પ્રશ્નોના ઉકેલનો એકમાત્ર યોગ્ય તરીકો એ છે કે, પુરૂષોને અમુક શર્તો અને મર્યાદાઓની સાથે એકથી વધારે સ્ત્રીઓ સાથે શાદીની છૂટ આપી દેવામાં આવે. એ સિવાય આ પેચીદા

પ્રશ્નોનો કોઈ ઉકેલ નથી.

બહુપત્નીત્વની સંજોગોનુસાર શર્તો સાથે પરવાનગી :

જ્યારે હુઝૂરે પાક (સલ.) દ્વારા ઇસ્લામની પુનઃ રજૂઆત કરવામાં આવી, ત્યારે સમાજ જીવનમાં બહુપત્નીત્વનો રિવાજ પ્રચલિત અને ઉંડો ઉતરેલો હતો. કુર્આને કરીમે એ પ્રથાને ન તો અવગણી કે ન એને પડતી મૂકી કે, ન એને અબાધિત કે અસીમ રીતે ચાલુ રહેવા દીધી. કુર્આન એ પ્રશ્ન પ્રત્યે બેપરવા રહી શકનાર ન હતું કે, ન એ બહુપત્નીત્વની સાથે સંકળાયેલ બિનજવાબદારીઓ અને અંધાધૂંધીઓને સાંખી શકનાર હતું. સમાજમાં પ્રચલિત બીજી પ્રથાઓ અને રિવાજોની જેમ કુર્આને બહુ-પત્નીત્વની પણ નોંધ લીધી. અને એને એ રીતે સુવ્યવસ્થિત કરી કે, જેથી પ્રચલિત ખરાબીઓ દૂર થઈ શકે અને ફાયદાઓ સુરક્ષિત રહી શકે. કુર્આન શરીફે આ બાબતે એટલા માટે ચર્ચા કરી કે, એણે વાસ્તવિકતાને ધ્યાનમાં લેવાની હતી અને તે કુટુંબની ઈમારતમાં તોડ-ફોડને સહી શકે તેમ ન હતું કે, જે સમાજનો ખાસ પાયો છે. કુર્આનની કલ્યાણકારી દખલગીરીએ નીચે મુજબના ધારાધોરણો દાખલ કર્યા :

- અમુક સંજોગોમાં અને અમુક શરતો સાથે બહુપત્નીત્વ પર અમલ કરી શકાય છે. એ એક શરતી પરવાનગી છે.
- આ પરવાનગીમાં વધુમાં વધુ ચાર પત્નીઓની છૂટ છે. ઈસ્લામ અગાઉ આવી કોઈ સીમા કે કોઈ પણ પ્રકારની બાંહેધરીઓ ન હતી.
- બીજી કે ત્રીજી પત્ની જો કદી કરવામાં આવે તો તેના હક્કો અને અધિકારો પણ તેવા જ છે, જે પહેલી પત્નીના છે. તેને પણ તે બધું જ પ્રાપ્ત કરવાનો પૂરેપૂરો અધિકાર છે, જે પ્રથમ પત્નીને મળવું જોઈએ. વહેવાર, જીવન જરૂરિયાતોની સગવડ વગેરેમાં સમાનતા એ એવી પૂર્વ શરત છે કે, જેનું પાલન એકથી વધુ પત્નીઓ કરનાર દરેક મર્દને માટે જરૂરી છે. આ સમાનતાનો આધાર મોટેભાગે સબંધિત વ્યક્તિના અંતરજ્ઞાન પર છે.
- આ પરવાનગી સામાન્ય રીતથી અપવાદરૂપ છે. અમુક સામાજિક તથા નૈતિક સમસ્યાઓના ઉકેલ

માટેનો તેમજ અમુક અનિવાર્ય મુશ્કેલીઓને પહોંચી વળવાનો છેવટનો પ્રયાસ છે. ટૂંકમાં એ એક તાકીદનું પગલું છે. અને એ અર્થમાં જ સીમિત રહેવું જોઈએ.

આ બાબત સબંધી કુર્આનની આયતો આ મુજબ છે : જો તમને એવું લાગે કે, તમો અનાથો (જેમને તમો પરણો અથવા જેમની માંઓને તમો પત્નીઓ તરીકે અપનાવો) સાથે ન્યાયપૂર્ણ વર્તન ન કરી શકો તો પોતાની પસંદની ઓરતો સાથે લગ્ન કરો, બે અથવા ત્રણ અથવા ચાર. પરંતુ જો તમને એવું લાગે કે, તમો તેઓની સાથે ઈન્સાફ નહીં કરી શકો, તો માત્ર એક જ અથવા (એક બંદીણી) જે તમારા હાથમાં છે. તમને અન્યાયથી રોકવા માટે એ વધુ યોગ્ય છે. *(૪:૩)*

આ આયતનું ઉતરાણ લડાઈ પછી થયું હતું, જેમાં અમુક માણસો મરાઈ ગયા હતા અને પોતાની પાછળ વિધવાઓ તથા અનાથ કે યતીમ બાળકો મૂકતા ગયા હતા. જેમની યોગ્ય સારસંભાળ બાકી બચેલા મુસ્લિમો માટે અનિવાર્ય હતી. તે વિધવાઓ અને અનાથોને રક્ષવાનો એક માર્ગ લગ્ન હતો. યતીમોના હક્કોની રક્ષા માટે તથા વાલીઓને તેમના આશ્રિતો પ્રત્યે અન્યાય કરતા રોકવા માટે કુર્આને ઉપરોક્ત ચેતવણી સહિત એ છૂટ આપી.

આ ઉપરથી એ જણાઈ આવે છે કે, ઈસ્લામે બહુપત્નીત્વની શોધ નથી કરી અને એ નિયમો દાખલ કરીને એક રિવાજ તરીકે તેને પ્રોત્સાહન આપવા નથી માંગતો. એણે એને નાબૂદ પણ ન કર્યું, કેમકે જો એણે એના પર પ્રતિબંધ મૂક્યો હોત તો તે માત્ર નામ પૂરતી જ મનાઈ રહેત અને લોકોએ એના પર અમલ ચાલુ જ રાખ્યો હોત. જેમકે આજે પણ એવા બીજા લોકોમાં જોઈ શકાય છે કે, જેમના બંધારણો તથા સામાજિક ધારાધોરણો બહુપત્નીત્વને મંજૂર નથી રાખતા. ઈસ્લામ વાસ્તવિક અને વહેવારી રીતે અમલમાં આવવા માટે આવ્યો હતો, નહીં કે અધ્ધર રહેવા કે માત્ર થીયરી બની રહેવા માટે. એ વાસ્તવિક મઝહબ છે અને જીવન બાબત એનું દૃષ્ટિબિંદુ વહેવારૂ છે. અને તેથી જ એ શરતી તથા સીમિત બહુપત્નીત્વની પરવાનગી આપે છે. કેમકે જો સમગ્ર માનવતાને માટે એને

નાબૂદ કરી દેવું જ હિતકારી હોત, તો જરૂર અલ્લાહપાકે એ પ્રથાને ખત્મ કરી નાંખવાનો હુકમ ફરમાવી દીધો હોત. પરંતુ અલ્લાહપાક કરતાં વધુ જ્ઞાન કોની પાસે છે ?

એવા વિવિધ કારણો છે કે, જેમને લીધે ઈસ્લામ બહુપત્નીત્વની પરવાનગી આપે છે. કોઈને એ કારણોનો ખ્યાલ કરવાની કે અનુમાન કરી લેવાની આવશ્યકતા નથી. એ વાસ્તવિક છે અને દરરોજ, દરેક ઠેકાણે જોઈ શકાય છે. આવો ! એમાંના અમુક કારણોને આપણે તપાસીએ :

અમુક સમાજોમાં ઔરતોની સંખ્યા મરદો કરતાં વધુ છે. આ વાત મહદ્અંશે તે પ્રદેશોને વધુ લાગુ પડે છે કે, જે ઔદ્યોગિક અને વ્યાપારી ઈલાકાઓ છે. અને તે દેશોને પણ કે, જે યુદ્ધોમાં સંડોવાય છે. હવે જો કોઈ મુસ્લિમ સમાજ એ વિભાગમાં આવતો હોય અને જો ઈસ્લામ બહુ-પત્નીત્વની મનાઈ કરતો હોય, અને કાયદેસરના લગ્નને એક જ પત્ની સુધી સીમિત રાખતો હોય, તો અવિવાહિતો શું કરતે ? કુદરતી રીતે ઈચ્છનીય એવો સંગાથ તેઓ ક્યાં અને શી રીતે પ્રાપ્ત કરતે ? જરૂરી હમદર્દી, લાગણી, સહકાર તથા આશરો તેઓ ક્યાંથી અને કેવી રીતે પામી શકત ? આ સમસ્યાની ગૂંચવણો માત્ર દૈહિક જ નથી, બલ્કે નૈતિક, ધાર્મિક, સામાજિક, મનોવિકારી તથા પ્રાકૃતિક પણ છે. પ્રત્યેક સામાન્ય ઔરત પછી તે વેપાર ઉદ્યોગમાં લાગેલી હોય કે પ્રાયવેટ અથવા સરકારી નોકરી કરતી હોય, તે કુદરતી રીતે જ પોતાના એક આગવા ઘર અને કુટુંબની ઝંખના સેવે છે. તે પ્રાકૃતિક રીતે જ એવી ઈચ્છા ધરાવે છે કે, કોઈ તેની દેખરેખ રાખે અને તે કોઈની દેખરેખ રાખે. તે સમાજ તેમજ કુટુંબનું એક અંગ હોવાનું ચાહે છે. તદ્દન દૈહિક દૃષ્ટિ-કોણથી જોઈએ તો પણ વધુ મૂંઝવણો ઉપસ્થિત થાય છે, જે અતિ ગંભીર પ્રકારની હોઈ અવગણી શકાય તેવી નથી હોતી. નહિંતર જો એમને વણઉકલી પડતી મૂકવામાં આવે તો એના અનિવાર્ય પરિણામ રૂપે માનસિક ગ્રંથિઓ, દિમાગી ખરાબી-ઓ, સામાજિક અકળામણ અને મેન્ટલી અસ્થિરતાઓ ઉપસ્થિત થઈ જાય છે. આના ઘણાખરા મેડીકલ પુરાવાઓ મૌજુદ છે.